Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૯ મો

વીર સંવત ૨૪૭૦ ❋ વિક્રમ સંવત ૨૦૦૦

અશાડ

પ્રગટકર્ત્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } અશાડ. { વીર સં. ૨૪૭૦
અંક ૯ મો. } { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका

૧. શ્રી પદ્મપ્રભજિનસ્તવન ... ... ( મુનિ શ્રી રુચકવિજયજી ) ૨૫૭
૨. અનિત્ય ભાવના ... ... ... ( હીરાચંદ ઝવેરચંદ શાહ ) ૨૫૮
૩. અપની ઢપલી અપની રાગ... ... ... ( રાજમલ ભંડારી ) ૨૫૯
૪. અનાદિકાળની ભૂલ ... ... ( રાયચંદ મૂળજી પારેખ ) ૨૬૦
૫. શ્રી પ્રશ્નસિંધુ : ૮ ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૨૬૧
૬. આટલું તો જરૂર કરજો ... ... ... ... ( કુંવરજી ) ૨૬૫
૭. વીરવિલાસ : ૧૭ ... ... ... ... ( મૌક્તિક ) ૨૬૬
૮. એમાં આપણે શું ? ... ... ... ... ( કુંવરજી ) ૨૬૯
૯. સાચા સુખની ચાવી ... ... ... ... ( કુંવરજી ) ૨૭૦
૧૦. પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકાર-હીરાલાલ ગણપતલાલ-ધડકણ ) ૨૭૧
૧૧. શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન : ૪ ... ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૨૭૪
૧૨. નિગોદ સ્વરૂપ : ૨ ... ... ( મુનિ શ્રી પુણ્યવિજયજી ) ૨૭૮
૧૩. સુભાષિતરત્નમંજૂષા ... ... ... ... ( કુંવરજી ) ૨૮૧
૧૪. સુવર્ણ ... ... ... ... ( રાજપાળ મગનલાલ વહોરા ) ૨૮૨
૧૫. શ્રીતત્ત્વાર્થસૂત્ર-સાનુવાદ : અધ્યાય ૯ : ૧૦ (અનુવાદકાર મુનિશ્રી રામવિજયજી) ૨૮૩

### સભાની વર્ષગાંઠ

આવતા શ્રાવણ શુદિ ત્રીજે સભાની ત્રેસઠમી વર્ષગાંઠ હોવાથી તે ઉજવવા નિમિત્તે દર વર્ષે શીહોર મુકામે જતા હતા, પરન્તુ ભાવનગર સ્ટેટ તરફથી સામુદાયિક જમણનો નિષેધ હોવાથી ગયા વર્ષની માફક આ વર્ષે પણ શીહોર જવાનું બંધ રાખવામાં આવેલ છે. તે દિવસે સભાના મકાનમાં પ્રભુ પધરાવીને પૂજા ભણાવવામાં આવશે.

શ્રી અજિતપ્રભસૂરિવિરચિત

### શ્રી શાંતિનાથચરિત્ર ( પદ્યબદ્ધ )

ઊંચા લેઝરપેપર પ્રતાકારે આ ચરિત્ર ઘણું જ રસિક અને વ્યાખ્યાનમાં વાંચવા યોગ્ય છે. શ્રી શાંતિનાથજીના પૂર્વ ભવો અને અંતર્ગત આવતી પ્રાસંગિક કથાઓ બોધક ને રોચક છે. એકત્રીશ ફોર્મની આ પ્રતની કિંમત રૂા. પોણાત્રણ. પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું
અંક ૯ મો

અશાડ

વીર સં. ૨૪૭૦
વિ. સં. ૨૦૦૦

# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

( જીરે મારે શ્રી જિનવર ભગવાન–એ દેશી )

જીરે મારે પદ્મપ્રભ જિનદેવ, આલંબન તુજ મુજ ગમ્યું જીરેજી;
જીરે મારે તું નાયક તું દેવ, ધન્ય ! મિથ્યાત્વ મેં વમ્યું જીરેજી. ૧

જીરે મારે નિઃશંક સાચું તુજ, મનમાં મેં નિશ્ચય કર્યો જીરેજી;
જીરે મારે કામ નહિ હવે મુજ, જેહથકી હું ભવ ફર્યો જીરેજી. ૨

જીરે મારે આજ ગયો ભવ-થાક, દર્શન અમૃત મેં લહ્યું જીરેજી;
જીરે મારે અંતર આનંદ આજ, આતમ-થિરતા શી કહું જીરેજી. ૩

જીરે મારે અનુભવની જે વાત, કિમ કહું સ્વર વ્યંજને જીરેજી;
જીરે મારે તું જાણે તે વાત, જેહ સ્વરૂપે મુજ કને જીરેજી. ૪

જીરે મારે તું સુરતરુ તુજ સેવ, કર્મ કઠિન બળ ભાંજશે જીરેજી;
જીરે મારે અવિચલ વર સુખ એવ, રુચકવિજય તે પામશે જીરેજી. ૫

મુનિશ્રી રુચકવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનિત્ય ભાવના

( સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમશ્રેણે ચઢીઆ રે.–એ દેશી )

મનુષ્ય દેહ રોગાદે ભરીઓ, આયુષ્ય ક્ષણ વીજ જાણો રે;
પાણીના પરપોટા જેવું, યૌવન ચપળ શું જાણો રે. મ૦ ૧
લહેરી પવનની આવે જેવી, જળ તરંગ જેમ જુઓ રે;
સંપદા વિપદા સાથે ભળતી, આયુ ખૂટે ક્ષણ જુઓ રે. મ૦ ૨
સંધ્યા રંગ જાણો આકાશે, ઈંદ્ર ધનુષ્ય જેમ જાણો રે;
વિષય–વિષ વિલાસે રાચી, મોહ માયા કાં માણો રે? મ૦ ૩
સ્વજન કુટુંબ સવિ કર્મે મળીઆ, આયુ થોડું જાજેરું રે;
પ્રભાત થતાં દશે દિશામેં, જાય ઊડી પંખેરું રે. મ૦ ૪
સજીવ પદાર્થો સવારે દેખ્યા, દેદીપ્યમાન દીપાયે રે;
જમે આવીને આંખ દેખાડી, રહે ન કોઇ ઉપાયે રે. મ૦ ૫
વૈભવ દેખી મોહમાં પડીઓ, વ્યર્થ વ્યામોહ ધરાવે રે;
જળબિંદુ જેમ ડાભ ઉપરથી, ટપકે તેમ સહુ જાવે રે. મ૦ ૬
ક્ષણભંગુર આ દેહ મળ્યો છે, હાથ તાળી દેઇ જાયે રે;
સંસાર યાત્રા વેગથી વિતતાં, આખર બહુ પસ્તાયે રે. મ૦ ૭
યૌવન વયમાં રાચ્યોમાચ્યો, કુટીલ કુબુદ્ધિ ધારી રે;
મોહ માયા તું ત્યાગે આતમ, કામવિકારને મારી રે. મ૦ ૮
જેની સાથે પ્રીતે રમીઆ, બાળપણે બહુ વેશે રે;
રાતદિવસ રહેતાં એક સાથે, જાતાં ભરોસો ન લેશે રે. મ૦ ૯
અનુત્તર વિમાને સુખ અનેરું, કાળે કરી પૂરું થાયે રે;
સંસારી આયુ નહિવત્ જેવું, નિર્લજ્જ થઇ શું પીયે રે. મ૦ ૧૦
સ્થાવર જંગમ ભક્ષણ કરતો, કાળ કરાળ ન રીઝે રે;
ચેતે તો ચેતાવું આતમ, શાંત સુધારસ પીજે રે. મ૦ ૧૧
કામધેનુ સમ જિનશાસનમાં, વસજો આવી પ્રાણી રે;
તપ સંયમ સુખશાંતિ લેજો, કરજો પુન્ય કમાણી રે. મ૦ ૧૨
વિનયવિજય ગુરુ દેવ હમારા, આશીશ દે જગ પ્રાણી રે;
ચિદાનંદ એક આત્મ સ્વરૂપે, ઓળખી લ્યો ચિત્ત આણી રે. મ૦ ૧૩

હીરાચંદ ઝવેરચંદ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अपनी ढपली अपना राग।

अपनी अपनी लेकर ढपली, राग जगत आलाप रहा।
मेरा सच्चा मैं हूं सच्चा, ये ही गायन गाय रहा ॥ १ ॥
सत्य रहा है इसमें कीतना, यह तो विरला जान रहा।
मैं हूं सच्चा मेरा सच्चा, हर व्यक्ति यह पुकार रहा ॥ २ ॥
बड़े बड़े इतिहास पुराने, उनको जाय टटोल रहा।
छोटा-सा इतिहास स्वयं का, उसको है नहीं जान रहा ॥ ३ ॥
आया कहां से कौन हूं मैं?, और अब जाना है कहां रहा?
नहीं मनन कर इसका कुछ भी, विरथा गौते खाय रहा ॥ ४ ॥
देह वस्तु क्या? आत्म वस्तु क्या?, नहीं स्वपर को जान रहा।
और धर्म मर्म क्या? पाप पुन्य क्या?, इस से भी अज्ञान रहा ॥५॥
हिंसा अहिंसा सत्य मृषा के, भेद शास्त्र क्या बता रहा।
चोरी परदारा परिग्रह के, प्रमाण से अनभिज्ञ रहा ॥ ६ ॥
खड़ा हुवा है जीस भूमिपे, उसको नहीं पहिचान रहा।
बड़ी बड़ी फिर बातें कर के, अपना राग आलाप रहा ॥ ७ ॥
छिद्रान्वेशन की दृष्टि से, सारे जग को निहार रहा।
जैसी दृष्टि वैसी सृष्टि, आये नजर यह भूल रहा ॥ ८ ॥
सम्यग् ज्ञान के तत्त्व विना, नहीं आये समझ में सत्य महा।
सर्वज्ञदेव की सत्य श्रद्धा विन, होवे नहीं कृतकृत्य यहां ॥ ९ ॥
इसी लिये वह सत्य ज्ञान कर, मिथ्या तिमिर जो छाय रहा।
शीघ्र हटाओ जैन धर्म से, जो प्रकाश* फैलाय रहा ॥ १० ॥
धर्म जैन के धर्म और तो, भ्रमके अन्दर डाल रहा।
बतलावे परमातम एक ही, करता है कल्याण महा ॥ ११ ॥
जैन धर्म बतलावे ऐसा, यह बने आत्मपरमात्म महा।
शक्ति रही है इसमें ऐसी, सुपुरुषार्थ से यह होती महा ॥ १२ ॥
देशविरति और सर्वविरति, यह दोनों प्रभुने मार्ग कहा।
इन दोनों में सत्य श्रद्धा कर, धारो जो हो योग्य रहा ॥ १३ ॥
फिर मेरा सच्चा या सच्चा मेरा, इसका करना निश्चय यहां।
मेरा मेरा और मैं हूं मैं हूं, छोड़ो यह मिथ्यात्व महा ॥ १४ ॥
काल अनादि से यह रोसे, अपना आतम भटक रहा।
जैसे भम कर घांची बैल वह, घरका घरमें खड़ा रहा ॥ १५ ॥
इसीलिये अब सब उद्यम से, सद् उद्यम वह होय यहां।
जो बने आत्म से यह परमातम, ये ही मुख्य ध्येय कहा ॥ १६ ॥

* जैन धर्म प्रकाश।

For Private And Personal Use Only

इसी ध्येय को सार्थक करने, सम्यक् तत्त्व ही मुख्य कहा।
अध्यात्म ज्ञानका यह पहिला दर्जा, कहलाता है श्रेष्ठ महा ॥ १७ ॥
सच्चिदानंद× कहते जीनको, उनसे हममें भेद रहा।
बस खोज इसी पदकी करना, यह सब धर्मोमें श्रेष्ठ कहा ॥ १८ ॥
अपनी ढपली अपना राग, पर स्वभाव मिथ्यात्व महा।
निज स्वभाव में **राज** रमण कर, सच्चा सच्चा येही कहा ॥ १९ ॥

राजमल भंडारी–आगर ( मालवा )

## × અનાદિ કાળની ભૂલો

અનાદિ કાળથી ભૂલો, અનંતી આ જીવે કીધી;
વળી ભૂલો ટાળવા તેવી, ન દૃષ્ટિ લક્ષમાં લીધી. ટેક. ૧
જન્મની વેદના સહી, મરણતણા કષ્ટો સહ્યાં;
નિગોદની પીડા ગ્રહી, નરકતણાં દુ:ખો સહ્યાં. ૨
છેદન ભેદન ઉષ્ણ શીતનાં, દુ:ખો સહ્યાં ભવચક્રમાં;
કષ્ટો સહ્યાં જીવે ઘણાં, આ લક્ષ ચોરાશી યોનિમાં. ૩
શરણ નહીં જ્યાં કોઇનું, સગું ન આવે સાથમાં;
આ દેહના સગાસંબંધી, તે નહીં આવે કામમાં. ૪
સુખો મળે વૈભવ મળે, ઈન્દ્રોતણા ભોગો મળે;
અંતે નહીં તે કામના, ભલે ચક્રવર્તીની ઋદ્ધિ મળે. ૫
જે વસ્તુનો વિનાશં છે, ત્યાં મોહ ને મમતા રહી;
એવી ભૂલો અનાદિથી, આ જીવે અનંતી કરી. ૬
જ્યાં રાગ દ્વેષ મમત્વ છે, પરિગ્રહનો નહી પાર છે;
ત્યાં ક્રોધ ને લોભતણો, અહંકારનો પણ વાસ છે. ૭
જ્યાં રોષનો નહી પાર છે, ત્યાં દયા દાનનો નાશ છે;
વિનય અને વિવેકનો, ત્યાં સર્વથા નાશ છે. ૮
જ્યાં ચારિત્રનું નહી નામ છે; સત્ય શિયળનું નહી ભાન છે;
ભોગો પંચેન્દ્રિય વિષયતણા, જ્યાં ખરે સર્વથા નાશ છે. ૯
માગે સુખ મોક્ષતણાં, પ્રભુ પાસે કરગરી;
તે નવિ મળે અન્યથી, તે આત્મને સમજણ નથી. ૧૦
આ મળ્યો દેહ મનુષ્યનો, ભૂલો અનાદિની ટાળવા;
લક્ષ રાખો શુદ્ધ રમણમાં, પાપ અઢારે ટાળવા. ૧૧
જ્ઞાન દર્શન ચારિત્ર વિના, મોક્ષસુખ મળશે નહીં;
કહે **રાયચંદ** જ્ઞાન પ્રગટ્યાવિના, અનાદિ ભૂલ ટળશે નહીં. ૧૨

રાઈચંદ મૂળજી પારેખ

× सिद्ध भगवान्।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

(૮)

રચયિતાઃ—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃષ્ઠ ૨૦૧ )

૧૨૬. પ્રશ્ન—કેટલાએક અધર્મી જીવો હાલ સુખી દેખાય છે તેનું કારણ શું?

ઉત્તર—તેઓ પાછલા ભવમાં બાંધેલાં પુણ્યકર્મોનાં ફલ હાલ ભોગવે છે, માટે સુખી દેખાય છે. હાલ જે અધર્મ-પાપ કરે છે તેનું અશુભ ફલ ભવિષ્યમાં તેમને જરૂર ભોગવવું પડે છે. કર્મ કોઇને છોડતું નથી. જેમ માદરપાટ મોડો કપાય ને મલમલ જલ્દી કપાય, તેમ કોઇ પાપકર્મ વહેલું ઉદયમાં આવે ને કોઇ પાપકર્મ મોડું ઉદયમાં આવે, પણ કરેલ પાપનો બદલો જરૂર મળે, એમ ચોક્કસ સમજવું. અધર્મી જીવો કસાઇના ઘરના બોકડાની જેમ થોડા કાળ માટે, સુખી જાણવા. તેની બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી-એક કસાઇએ બોકડો અને કૂતરો પાળ્યા હતા. કસાઇ બોકડાને ખાવા રાતપ આપે ને કૂતરાને સૂકો રોટલો આપે. આ બનાવ જોઇ કૂતરાને ખેદ થયો, પણ એક વખત તહેવારને દિવસે કસાઇએ છરીનો ઘા કરી બોકડાને મારી નાંખ્યો, ત્યારે આ કૂતરાને તે જોતાં ડહાપણ આવ્યું કે એની રાતપ કરતાં મારો સૂકો ટૂકડો સારો છે. એમ અધર્મી જીવો ભયંકર દુર્ગતિનાં દુઃખ પરિણામે ભોગવે છે માટે હાલ સુખી દેખાતાં અધર્મીને જોઇને કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. ધર્મી જીવો કદાચ પાપકર્મના ઉદયે હાલ દુઃખ ભોગવતાં હોય, તો પણ તેઓ મનમાં શુભ લાગણી રાખી કાયાથી નિર્મલ ધર્મારાધન કરે છે, તેથી થોડા જ કાળમાં દુઃખને હઠાવીને સુખ પામે છે. જ્યારે પુણ્યનું જોર વધતાં પાપનું બલ ઘટે ત્યારે દુઃખના દહાડા ચાલ્યા જાય એમાં નવાઇ શી? એક બલવાન માણસ અલ્પ બળવાળા માણસને જરૂર દબાવી દે છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને દુઃખના સમયે ધર્મી જીવોએ પરમ ઉલ્લાસથી વધારે ને વધારે ધર્મારાધન જરૂર કરવું, પણ અધર્મી જીવોને સુખ ભોગવતાં જોઇને ધર્મારાધન તજી દેવાની ભયંકર ભૂલ ન જ કરવી. આ વસ્તુને યથાર્થ સમજાવવાને ગતાંકમાં પુણ્ય પાપની ચૌભંગીનું સ્વરૂપ વિસ્તારથી સમજાવેલ છે.

૧૨૭. પ્રશ્ન—જીવ અજીવાદિ સાત તત્ત્વોમાં પહેલું જીવતત્ત્વ કહેવાનું શું કારણ?

ઉત્તર—તમામ કર્મબંધાદિ પ્રવૃત્તિનો કરનાર જીવ છે. પુદ્ગલાદિ અજીવની કિંમત જીવને લઇને જ અંકાય છે, કારણ કે પદાર્થોને કાર્યમાં જોડનાર કોઇ ન હોય, તો તે પદાર્થો શા કામના? આવા અનેક કારણોને લક્ષ્યમાં લઇને શ્રી તીર્થંકરદેવે સાત તત્ત્વોમાં પહેલું જીવતત્ત્વ કહ્યું છે.

૧૨૮. પ્રશ્ન—જીવતત્ત્વની પછી બીજા નંબરે અજીવતત્ત્વ કહ્યું તેનું શું કારણ?

ઉત્તર—જીવ એક સ્થાનેથી બીજે સ્થાને જાય, ઊભા રહે, બેસે, શયન કરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે વિવિધ ક્રિયાઓ અજીવના આલંબનથી કરે છે. આવા અનેક કારણોથી જીવતત્ત્વની પછી બીજા નંબરે અજીવતત્ત્વ કહ્યું છે.

૧૨૯. પ્રશ્ન—અજીવતત્ત્વની પછી આશ્રવતત્ત્વ ને તે પછી બંધતત્ત્વ કહેવાનું શું કારણ ?

ઉત્તર—જીવ, અજીવ પદાર્થના આલંબનથી જીવદયાદિ સારી ક્રિયા કરે તો તે શુભાશ્રવદ્વારા પુણ્યકર્મને બાંધે, ને હિંસાદિ અશુભ ક્રિયાઓ કરે તો અશુભાશ્રવદ્વારા પાપકર્મને બાંધે છે. આ રીતે બાંધેલ પુણ્યકર્મના ઉદયે જીવ શુભ ગતિમાં જાય અને પાપકર્મના ઉદયે અશુભ ગતિમાં જાય. બંધનું કારણ આશ્રવ છે એટલે કર્મબંધના કારણરૂપ આશ્રવથી કર્મબંધ થાય છે, આવા અનેક કારણોને લક્ષ્યમાં લઇને પરમતારક શ્રી તીર્થંકરદેવે અજીવતત્ત્વની પછી આશ્રવતત્ત્વ કહ્યું છે ને તે પછી બંધતત્ત્વ કહ્યું છે.

૧૩૦. પ્રશ્ન—બંધતત્ત્વની પછી સંવરતત્ત્વ કહેવાનું શું કારણ ?

ઉત્તર—આશ્રવોને રોકવાનું સાધન સંવર છે એટલે સમિતિ, ગુપ્તિ આદિના સેવનથી કર્મને આવવાનો રસ્તો બંધ કરી શકાય છે. આ મુદ્દાને લક્ષ્યમાં લઇને બંધતત્ત્વની પછી સંવરતત્ત્વ કહ્યું છે.

૧૩૧. પ્રશ્ન—સંવરતત્ત્વની પછી નિર્જરાતત્ત્વ, તે પછી મોક્ષતત્ત્વ કહેવાનું કારણ શું ?

ઉત્તર—દેશથી કર્મનો ક્ષય થાય તે નિર્જરા કહેવાય, ને સર્વ કર્મોનો ક્ષય તે મોક્ષ કહેવાય. સંસારી જીવોને અંતિમ ધ્યેયસ્વરૂપ મોક્ષ–સર્વ કર્મોનો ક્ષય થાય ત્યારે મળે. મોક્ષ એકદમ થતો નથી, પણ અંશથી કર્મ–ક્ષયરૂપ નિર્જરા થતાં થતાં છેવટે મોક્ષ થાય. આ રીતે સંવરનું ફલ ક્રમશઃ નિર્જરા અને મોક્ષ છે. આ વસ્તુ સમજાવવાને પૂજ્ય શ્રી ગણધરાદિ મહાપુરુષોએ અનુક્રમે સંવરતત્ત્વની પછી નિર્જરાતત્ત્વ ને તે પછી મોક્ષતત્ત્વ કહ્યું છે.

૧૩૨. પ્રશ્ન—શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૨૮ મા મોક્ષમાર્ગગતિ નામના અધ્યયનની ચૌદમી ગાથામાં તથા બીજા અનેક ગ્રંથોમાં નવ તત્ત્વો કહ્યાં અને શ્રી ઉમાસ્વાતિવાચક વગેરે મહાપુરુષોએ શ્રી તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં સાત તત્ત્વો કહ્યાં તેનું શું કારણ ?

ઉત્તર—શુભાશ્રવદ્વારા જે કર્મ બંધાય તે પુણ્ય કહેવાય, ને અશુભાશ્રવદ્વારા જે કર્મ બંધાય તે પાપ કહેવાય. આ અપેક્ષાએ પુણ્યતત્ત્વને અને પાપતત્ત્વને બંધતત્ત્વમાં દાખલ કરીને સાત તત્ત્વો શ્રી તત્ત્વાર્થ આદિમાં કહ્યા છે એમ ટીકાકાર શ્રી સિદ્ધસેનગણિએ જણાવેલા "**पुण्यपापयोश्च बंधेऽन्तर्भावात्**"=( પુણ્ય પાપને બંધમાં દાખલ કરેલ હોવાથી અહીં સાત તત્ત્વો કહ્યાં છે ) આ વચનથી જાણી શકાય છે. બંધનું કારણ આશ્રવ છે, તેથી બંધરૂપ કાર્યનો આશ્રવરૂપ કાર્યમાં ઉપચાર કરીને શુભ કર્મના બંધનું જે કારણ તે પુણ્ય કહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાય ને અશુભ કર્મના બંધનું જે કારણ તે પાપ કહેવાય. આ રીતે પુણ્ય-પાપનો આશ્રવમાં પણ અંતર્ભાવ થાય છે એમ શ્રી નવતત્ત્વ પ્રકરણાદિમાં જણાવ્યું છે. આ વાતને દિગંબરમતાનુયાયીઓ પણ કબૂલ કરે છે, તે નીચેના પાઠ ઉપરથી જાણી શકાય છે.—"**पुण्यपापपदार्थोपसङ्ख्यानमिति चेन् न आश्रवे बंधे वाऽन्तर्भावात्**" એમ તત્ત્વાર્થ રાજવાર્તિકમાં અકલંકદેવ જણાવે છે. તથા તત્ત્વાર્થ શ્લોકવાર્ત્તિકમાં ( પૃ૦ ૯૧ માં ) વિદ્યાનંદ—"**पुण्यपापपदार्थौ तु, बन्धाश्रवविकल्पगौ ॥ श्रद्धातव्यौ न भेदेन, सप्तमोऽतिप्रसङ्गतः ॥ ८ ॥** શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વગેરેમાં સ્પષ્ટ બોધ કરવાની ખાતર પુણ્ય અને પાપને અલગ ગણીને નવ તત્ત્વો કહ્યા છે.

૧૩૩. પ્રશ્ન—જીવાદિ તત્ત્વોને યથાર્થ જાણવાનું કારણ શું ?

ઉત્તર—મોક્ષનું પરમકારણ સમ્યગ્દર્શન છે, કારણ કે સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની સફલતા તેને લઈને જ આગમ શાસ્ત્રોમાં વર્ણવી છે. અધિગમસમ્યક્ત્વનો લાભ નવતત્ત્વોના ખરા બોધથી થઈ શકે છે. કહ્યું છે કે—"**जीवाइनवपयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं ।**"

૧૩૪. પ્રશ્ન—બહિરાત્માનું સ્વરૂપ શું ?

ઉત્તર—મોહ અને અજ્ઞાનને લઇને શરીર, ધનકુટુંબાદિ જે પદાર્થો છે, તે સર્વને પોતાના માનીને અનેક જાતનાં પાપકર્મો કરવામાં આસક્તિવાળા સંસારી જીવો બહિરાત્મા કહેવાય. આવા મૂઢ આત્માઓ ખરાં સુખનાં સાધન અહિંસા, તપ અને સંયમને દુઃખનાં કારણ માનીને સેવતાં નથી, અને વિષયકષાયાદિ દુઃખનાં કારણોને સુખનાં સાધન માનીને નિરંતર સેવે છે, માટે જ તેઓ ચાહે છે તે પામે છે, સુખને દુઃખને જેવા કારણો સેવે, તેવું કાર્ય થાય કારણ કે કાર્યની વ્યવસ્થા કારણને અનુસરે છે. એટલે જેવું કારણ હોય તેને અનુસરતું કાર્ય થાય. નીંબોળી વાવનાં લીંબડો થાય, પણ શેરડીનો સાંઠો ન જ થાય. કહ્યું છે કે—"**कारणानुरोधात्कार्यव्यवस्था यथा कारणं तथा कार्यं, नहि निंबवीजादिक्षुयष्टिर्भवितुमर्हति ।**" બહિરાત્મ ભાવને પામેલા જીવોને જોઇને ત્યાગી મહાપુરુષો તેમને સમજાવે છે કે—હે મહાનુભાવો ! જે સાંસારિક પદાર્થોને તમે પોતાના માનીને અનેક જાતનાં પાપકર્મો સેવી રહ્યા છો તે પદાર્થો ચોક્કસ તમારા છે જ નહિ, કારણ કે જો તે પદાર્થો તમારા હોય તો હું તમને પૂછું છું કે-તમે જન્મતાં તે પદાર્થો સાથે લાવ્યા છો ? મહાસમર્થ આત્માઓ તે પદાર્થો જન્મતાં સાથે નથી લાવી શક્યા, તો તમે કઇ રીતે લાવી શકો ? મરતી વખતે મમતાનાં સાધનો તમે સાથે લઇ જશો ? મોટા માંધાતા જેવા પુરુષો પણ તમામ પદાર્થો અહીં મૂકીને પરભવમાં ચાલ્યા ગયા, તો પછી તમે તે પદાર્થો મરતી વખતે કઈ રીતે સાથે લઇ જશો ? કોઇ પણ સાથે લઇ જવાને સમર્થ છે જ નહિ. આ જીવ એકલો જન્મ્યો છે ને એકલો જ મરણ પામી પરભવમાં જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; કેવલ સ્વાર્થી પુત્રાદિના મોહને લઇને જે તું પાપકર્મો કરે છે, તેનાં ફલ તારે જ ભોગવવાં પડશે, તેમાં બીજા કોઇ ભાગ નહિ લ્યે, પણ તારી લક્ષ્મીનો ભાગ પડાવવા પુત્રાદિ બધા તૈયાર થઇ જશે. આમાં વાંધો પડશે તો તે પુત્ર વગેરે તારી ઉપર કેસ કરીને પણ લક્ષ્મીનો ભાગ જરૂર લેશે. તું પરભવમાં ચાલ્યો જઇશ, ત્યાં તને પાછલા ભવના પુત્ર વગેરે શું કરતાં હશે ? લક્ષ્મી મકાનાદિની શું વ્યવસ્થા થતી હશે ? વગેરે બીના તને યાદ પણ નહિ આવે. આ રીતે જો તમે વસ્તુસ્વરૂપને વિચારીને, વિવેકગુણને ધારણ કરીને બહિરાત્મભાવનો અથવા બહિરાત્મદશાનો ત્યાગ કરશો તો અનુક્રમે અંતરાત્મદશાને પામીને જરૂર પરમાત્મદશાને પામશો. આ ઉપદેશને હૃદયમાં ધારીને મનન કરવાથી બહિરાત્મદશાની ખરાબી સમજાય છે, તેનો ત્યાગ કરી શકાય છે. બહિરાત્માની ટૂંકી વ્યાખ્યા બે રીતે થઇ શકે. તે આ પ્રમાણે–જે બહિરાત્મભાવને ધારણ કરે અથવા બહિરાત્મદશાને ધારણ કરે, તે બહિરાત્મા કહેવાય. જ્યાં સુધી બાહ્યપદાર્થોમાં મારાપણું રહ્યું છે ત્યાં સુધી બહિરાત્માપણું છે, દુનિયામાં બે પ્રકારના પદાર્થો છે: ૧ બાહ્ય પદાર્થો, ૨ આત્મિક પદાર્થો, એનું બીજું નામ આભ્યંતર પદાર્થો છે. જે પદાર્થો પોતાના થયા નથી, હાલ પણ થતા નથી ને થશે પણ નહિ તે સ્ત્રી, પુત્ર, ધન વગેરે પદાર્થો બાહ્ય કહેવાય, ને નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ આત્મિક પદાર્થો કહેવાય. મિથ્યાદૃષ્ટિપણામાં બહિરાત્મભાવનું જોર વધારે હોય છે.

૧૩૫. પ્રશ્ન—અંતરાત્માનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે અંતરાત્મભાવને અથવા અંતરાત્મદશાને ધારણ કરે તે અંતરાત્મા કહેવાય. હું નિર્મલ આત્મ દ્રવ્ય સ્વરૂપ છું, પણ આ બાહ્યભાવ સ્વરૂપ નથી; બહિરાત્મ દશા એ મારી ચીજ નથી પણ ખરી અંતરાત્મદશા એ જ મારી ચીજ છે. એટલે પુદ્ગલરમણતા એ બહિરાત્મભાવ છે, ને પરમાત્મભાવને પમાડનારી નિજગુણરમણતા એ અંતરાત્મભાવ છે, એ જ અંતરાત્મદશા છે. નિર્મલ જ્ઞાનાદિ ગુણો એ જ મારા છે, ને તે મારી પાસે જ છે. કોઇની પાસે તે ગુણો માગવાની જરૂર છે જ નહિ. અંતરાત્મદશા બહિરાત્મભાવનો ત્યાગ કરવાથી પ્રગટે છે. એટલે એકસો ચોત્રીશમા પ્રશ્નોત્તરમાં જણાવ્યા પ્રમાણેનો ઉપદેશ હૃદયમાં ધારણ કરી મનન કરવાથી, હેય( ત્યાગ કરવા લાયક )નો ત્યાગ કરાય, ઉપાદેય( ગ્રહણ કરવા લાયક નિર્મલ જ્ઞાનાદિ )નું ગ્રહણ થાય, ને તેને આરાધતાં પરિણામે બારમા ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકે સંપૂર્ણ સ્વરૂપે અંતરાત્મદશાનો પ્રાદુર્ભાવ થાય છે. અંતરાત્મદશાની શરૂઆત ચોથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી થાય છે.

૧૩૬. પ્રશ્ન—પરમાત્માનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે પરમાત્મ દશાને અથવા પરમાત્મભાવને ધારણ કરે તે પરમાત્મા કહેવાય. અંતરાત્મ દશાનું ફલ પરમાત્મ દશા હોય, તે ઘાતિ કર્મના ક્ષયથી તેરમા સયોગી કેવલિ ગુણસ્થાનકે આંશિક ( અસંપૂર્ણ ) હોય છે, ને ચૌદમા

For Private And Personal Use Only

અયોગી કેવળી ગુણુસ્થાનકે પણ આંશિક પરમાત્મ દશા હોય છે. જ્યારે અઘાતી કર્મોનો નાશ થાય ત્યારે સિદ્ધાવસ્થામાં સંપૂર્ણ પરમાત્મ દશા પ્રકટે છે. જેમ સૂર્યપ્રકાશની આડા વાદળાં હોય ત્યારે પ્રકાશનો તિરોભાવ હોય ને વાદળાં ખસે ત્યારે આવિર્ભાવ થાય, તેમ કર્મરૂપી વાદળાં જ્યાં સુધી જેટલે અંશે આડાં રહેલાં હોય ત્યાંસુધી તેટલે અંશે પરમાત્મદશાનો તિરોભાવ છે એમ જાણવું. પુદ્ગલરમણુતાનો સર્વથા નાશ થતાં અંતે નિજગુણુરમણુતારૂપ પરમાત્મદશા પ્રગટ થાય છે. આ પરમાત્મદશામાં કર્મનો લેપ તદ્દન ખસી જાય છે ને આત્મ-જ્યોતિ સંપૂર્ણ સ્વરૂપે ઝળકે છે. ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ મોહનીય, ૪ અંતરાય–આ ચારે કર્મો ઘાતીકર્મના નામથી ઓળખાય છે અને ૧ વેદનીય, ૨ આયુષ્ય, ૩ નામકર્મ ને ૪ ગોત્રકર્મ આ ચારે કર્મો અઘાતીકર્મ કહેવાય છે. જ્ઞાનાદિ આત્મગુણોનો જે ઘાત કરે એટલે જેની હયાતીમાં કેવલજ્ઞાનાદિ થાય જ નહિ, તે ઘાતિકર્મ કહેવાય, અને જે જ્ઞાનાદિ આત્મગુણોનો ઘાત ન કરે તે અઘાતી કર્મ કહેવાય.

## આટલું તો જરૂર કરજો.

જો તમને પૂર્વ કર્મના શુભોદયથી અમૂલ્ય મનુષ્ય જન્મ મળ્યો હોય, આર્યભૂમિ મળી હોય, શ્રાવકનું કુળ મળ્યું હોય અને શરીરે સુખી હો અને ઇંદ્રિયો બરાબર કામ આપતી હોય તો તમે આટલું જરૂર કરજો. પ્રશ્ન ઊઠે છે કે શું કરવાનું કહો છો? તેના ઉત્તરમાં કહેવાનું કે–મનમાં પરમાત્માનું ધ્યાન કરજો. ક્ષણે ક્ષણે તેમને યાદ કરજો. સત્ય બોલજો. પરોપકાર કરજો. દીન–દુ:ખીની સંભાળ લેજો. ધર્મકાર્ય કરવાની અભિલાષા કરજો. શુદ્ધ દેવ-ગુરુ–ધર્મને ઓળખવાનો પ્રયાસ કરજો. ઉત્તમ ગણાતા મનુષ્યોની સંગત રાખજો. દુર્જનથી દૂર રહેજો. કોઇનું ખૂરું ચિંતવશો નહીં, કોઇનું ખૂરું કરશો નહીં. દુશ્મનનું પણ ભલુ ઇચ્છજો.

આવા પ્રકારની પ્રવૃત્તિ રાખવાથી તમારો આત્મા પ્રસન્ન રહેશે. અન્ય સજ્જનો તમને જોઇને રાજી થશે, તમારી પ્રશંસા કરશે; પણ તેથી તમે મલકાશો નહીં. તમારા કરતાં વધારે સદ્ગુણી મનુષ્યો આ જગતમાં ઘણા છે તેનો સાથોસાથ ખ્યાલ રાખશો.

દ્રવ્યનો મદ કરશો નહીં પણ તેનો સદુપયોગ કર્યા કરજો. ધન વાપરવાથી કોઇનું ખૂટતું નથી. તમે ઉદારદિલે જેમ જેમ વાપરશો તેમ તેમ તેમાં વૃદ્ધિ થશે. કોઇને કદીપણ છેતરશો નહીં. અન્યને છેતરવા જતાં તમે જ છેતરાશો. તૃષ્ણાની મર્યાદા રાખજો. અતિ તૃષ્ણા રાખવાથી અનેક જનો દુ:ખી થયા છે. આ બધી તદ્દન સાદી શિખામણ છે. તમે પણ જાણી શકો તેવી છે, પરંતુ તે જાણવા માત્રથી કાર્ય થતું નથી. તેને અમલમાં મૂકવાથી થાય છે. ધીમે ધીમે પણ કરવા ધારશો તો આ બધી વાત બની શકશે. લખવાની ઇચ્છા તો ઘણી થાય છે પરંતુ કુદરતે કાંઇક પ્રતિકૂળતા કરવાથી નેત્રની શક્તિ ઘટી છે એટલે સંકોચ કરવો પડે છે. મારું હૃદય તો આવી બાબતો વારંવાર કહેવા તેમજ લખવા ઉત્સુક થયા કરે છે, પરંતુ તેને કબજે રાખવું પડે છે. કુંવરજી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

## (૧૭)[1]

[2]ધરમની છાયા રે, તરુ સહકારની;
સાચી એક માયા રે, જિન અણગારની.

**સંસારના** બળેલાઝળેલા જીવને એ આકરી ગરમીમાંથી બચવાના અને કાંઇ નહિ તો થોડા વખત માટે અતિ ઉચ્ચ જીવનનો લ્હાવો લેવા અને તેની વાનકી ચાખવાના સુંદર યોગમાર્ગો જૈન દ્રષ્ટાઓએ બતાવ્યા છે. સહરાના રણમાં ચાલુ સખ્ત ગરમી અને પવનના ઝપાટા સાથે ઊડતાં રેતીના ઢગના ઢગની અંદર, નિર્જળ ઉષ્ણ શુષ્ક રણપ્રદેશની અંદર કોઇ કોઇ વાર રમ્યસ્થળ ( oasis ) પ્રાપ્ત થઇ જાય છે. ત્યાં થોડી લીલોતરી હોય છે, જળનો સંચય હોય છે અને રણની રેતીનો અભાવ હોય છે. સંસાર–રણની ઉષ્ણ ગરમી, રખડપાટા, નિરાશા, કદર્થના, નિરર્થક દોડાદોડી, માનાપમાન અને આક્રોશ વચ્ચે આવો શાંત આનંદમય સમય કોઇ કોઇવાર પ્રાપ્ત થઇ જાય છે, ત્યારે પ્રાણી પરને ભૂલી સ્વને સંભારે છે, કષાયપરિણતિને કાબૂમાં રાખી શાંત રસની રેલમછેલમ કરાવે છે, દુન્યવી ઝગડા અને તગડાતગડી દૂર કરી, થોડો વખત નિરાંતે બેસી ચેતનરાજ સાથે વાતો કરે છે, જ્ઞાનમાં કે ધ્યાનમાં સમય ગાળે છે, દેહચિંતા, ગૃહચિંતા, વ્યાપારચિંતા, નોકરીચિંતા, લેવડદેવડની ચિંતા, વેંચ–વચકા કે વ્યવહારની આંટીઘુંટીના પડદા અને પડછંદા વિસરી આત્મનિમજ્જન કરે છે અને થોડા વખત માટે રણ વચ્ચેના હરિયાળા પ્રદેશની શાંતિ અનુભવે છે.

આવી શાંત સ્થિતિ અનુભવવા માટે સામાયક અને પોસહની યોજના બતાવવામાં આવી છે. બે ઘડી, આખો દિવસ કે રાતદિવસ સંસારને ભૂલી ચેતનરાજ સાથે રહેવાય, પોતાનાં દુઃખ–દારિદ્ર, કાવાદાવા, ઝગડા, ગોટાળા ભૂલી જવાય અને ધ્યાનગ્રસ્તદશા કે સ્વાધ્યાયમાં વખત જાય ત્યારે અતિ આનંદની લહેરો ઊછળે છે, માનસિક વાતાવરણમાં શાંતિ નીપજે છે અને પરભાવ વિસરી સ્વમાં રમણતા થાય છે.

આપણું આખા દિવસનું સામાન્ય વર્તન તપાસીએ તો તેમાં અનેકવિધ પ્રવૃત્તિ, દોડધામ અને હેરાનગતિઓ દેખાશે. શહેરના પ્રવૃત્તિમય વાતાવરણમાં ધન કમાવાના પ્રયાસો, મેળાવડાના પ્રસંગો, બહાર પડવાની લાલચો, સમાચાર મેળવવાના પ્રયાસો અને બસ, ટ્રામ કે ટ્રેન પકડવાની દોડાદોડીનો ઉકળાટ વિચારીએ કે ગામડાંની નિરવ શાંતિ વચ્ચેની નાની મોટી ખટપટો, પટેલાઇ મેળવવા અને જાળવવાની ધમાલો, નાના વર્તુળની અદેખાઇઓ, ઘરના ક્લેશો, નિંદા, ઇર્ષા અને સરસાઇના ગોટાળા તપાસીએ ત્યારે શાંતિ કે અંતરાત્માનું ચિંતવન કોઈ સ્થાને દેખાતાં નથી. નાનપણમાં અભ્યાસના લોહવાટ, યુવા-

---

૧. વીરવિલાસની લેખમાળાની આ સંખ્યા છે. લેખ સ્વતંત્ર હોઈ આગળના લેખના વાંચનને આધીન નથી. આગલા લેખના અનુસંધાન વગર વાંચી શકાય તેવી તેની ગોઠવણ છે.

૨. બાર વ્રતની પૂજા પૈકી અગિયારમા વ્રતની બારમી ધ્વજપૂજાની પ્રથમ ગાથાના ટેકના ચરણનો વિભાગ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્થામાં ધન કમાવાની ધમાધમ; પુખ્તવયે જ્ઞાતિ કે સમાજના અર્થવગરના ઝગડા અને વૃદ્ધાવસ્થામાં ધરતી વધી પડેલી જવાબદારીઓ અને શારીરિક નબળાઇઓને અંગે ઠરી ઠામ બેસવાનો વખત આવતો નથી, ચૂલામાંથી ઓલામાં પડવા જેવી બદલાતી સ્થિતિમાં પણ નિરાંત મળતી નથી અને આખું વ્યવહાર બંધારણ જાણે હાથે કરીને સંકીર્ણ થઇ ગયું હોય અને આપણે પોતે જાણે તેના અસહાય ભોગ બની કોઇ અદૃશ્ય બળના ધકેલાયા આગળ ધપતા હોઇએ એમ અંદરખાનેથી લાગ્યા કરે છે અને અનેક વાર સુખ ન હોય ત્યાં સુખ માની લઈ કોઇ કોઇવાર સુખનાં ઘુંટડા ભરતા હોઇએ ત્યારે પણ અખંડ શાંતિ, અંદરની શાંતિ, અંતરંગ શાંતિ કે 'હાશ' કરીને બેસવાનો વારો આવતો નથી, મગજ પરનો બોજો મટતો નથી અને ચેતનનો અંતરાત્મદશા સાથે મેળ ખાતો નથી. આ પ્રત્યેકનો દરરોજનો અનુભવ છે.

આવા ચારે તરફથી લાગેલા દાવાનળમાં શાંતિ મેળવવી હોય, શાંતિની વાનકી ચાખવી હોય, શાંતિનું પારખું કરવું હોય તો ' પૌષધ 'ની યોજના ખાસ વિચારવા જેવી છે. એક આખો દિવસ વ્યવહારની સર્વ ઉપાધિ મૂકી દઇ ચેતનરાજ સાથે વાતો કરવાની આમાં યોજના છે, એમાં ઘર ભૂલાઇ જવાય, ઘરનાંને ભૂલાઇ જવાય, ઘરાકની સાથે વાત કરવાની નહિ, માલની લેવડ-દેવડ કરવાની નહિ, અસીલના વ્યવહાર કરવાના નહિ કે તેને સલાહ આપવાની નહિ, છોકરાંઓને સમજાવવા કે ધમકાવવાનું નહિ, પરોણાંઓને નોતરવાનાં નહિ, ધોબી કે દરજીને કપડાં આપવાનાં નહિ, શાક લેવા જવાનું કે તેને સમારવાનું નહિ આવી દશા દરરોજ હોય તો ચાલુ આનંદ થાય, પણ એ ન બની શકે તેને માટે પોસહની યોજના છે. એક દિવસ માટે સંસારથી છૂટા થઇ જવું, પોતાનો અલગ ભાવ સમજી લેવો અને સર્વ આધિ-વ્યાધિ--ઉપાધિથી પર રહી ચેતનરાજને ધ્યાવવો. એ બહુ સુંદર આદર્શ છે. એટલું પણ ન બની શકે તો બે ઘડી સામાયક કરવામાં આવે તો ત્યાં પણ ચક્કર પર ચઢેલ મનની ગરમી તો જરૂર ઓછી થાય છે અને પ્રાણી એક વાર રસ્તા પર આવતો થઇ જાય તો પછી એનો ભવિષ્યનો માર્ગ ખુલ્લો થવાનો સંભવ રહે.

આ સામાયક કે પૌષધના કાળમાં વધારે લાભ ન થાય તો પણ કિંચિત્ અંતર્દષ્ટિ તો જરૂર થાય છે, ખોટી ધમાલ કે અર્થવગરની દોડાદોડ તો જરૂર અટકે છે અને કાંઇ નહિ તો વચન અને કાયાના યોગો પર તેટલા વખત માટે અંકુશ તો જરૂર આવે છે અને અભ્યાસ તથા પરિશીલનથી મન પર પણ કાબૂ આવતો જાય છે. અનાદિ અભ્યાસ અને અધ્યાસ છૂટતા સમય તો જરૂર લાગે, પણ ચારે તરફ સખત ગરમી હોય, તડકો ધોમ ધખતો હોય, ગરમી ઉગ્ર હોય ત્યારે આંબાના ઝાડની છાયામાં જે મોજ આવે તેટલી શાંતિ તો તેમાં જરૂર મળે છે અને એટલું થાય તે પણ ઓછી વાત નથી. આખી બાજી હારી જતાં હોઇએ ત્યારે તેનો જેટલો લાભ મળે તેટલો લઈ લેવાની આ તરકીબ છે અને મહાલાભની શકયતા પર કરાયલી અતિ ઉપકારી ગોઠવણ છે. એ વ્યવસ્થા અને યોજનાનો લાભ લેવામાં એકાંત આનંદ, અચૂક શાંતિ અને સ્પષ્ટ પ્રગતિ છે.

આ છાયા તે ખરી ધરમની છાયા છે, ભર ઉનાળામાં વિશાળ આંબાના ઝાડ નીચે જે આનંદ આવે તેને આબેહુબ મળતી આવે તેવી છે, અંતરાત્માને ખૂબ પ્રસન્ન કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી છે અને થોડા વખત માટે આજુબાજુની ગરમીને ભૂલાવે તેવી છે. આ વાત અનુભવ કર્યે જ સમજાય તેવી છે. સામાયકમાં સારું વાંચન કરીએ કે સારો લેખ લખીએ અથવા ધ્યાનધારાની એકતા અનુભવીએ કે કાયોત્સર્ગ કરીએ એની મોજ એ ટાણે થાય છે એટલું જ નહિ, પણ એની મીઠાશ આખો દિવસ મન પર રહે છે અને આગળ વધતા પંથને એ અજવાળે છે. ધરમની છાયા એ અનુભવ કરવા જેવી વાત છે, એનો આદર્શ સ્વીકારવા માત્રથી કાંઇ વળે તેમ નથી. એ તો સામાયક કરી જોઇએ, સંયમના પ્રભાવ જીવી જોઇએ અને બાહ્ય ઉપાધિ ભૂલી જઇએ ત્યારે જ આ સહકારની છાયાનો અનુભવ થાય તેમ છે.

વળી ખૂબીની વાત એ છે કે આ છાયા મેળવવા માટે એક પાઇનો ખર્ચ કરવો પડતો નથી, ઘર બનાવવાનાં સાધનો એકઠાં કરવા પડતાં નથી, કડિયા મીસ્ત્રી બોલાવવા પડતાં નથી, પ્લાન તૈયાર કરાવવા પડતાં નથી, કોઇની પરવાનગી લેવી પડતી નથી, પાડોશી સાથે ભાગવા કરા, ખાળકુવા કે હવા-પ્રકાશના હકના ઝઘડા કરવા પડતાં નથી. આવી અંતરંગ શાંતિ સુલભ્ય હોઇ અનુભવવા યોગ્ય છે અને એક વાર એની ટેવ પાડવાથી પ્રગતિ પંથમાં ખૂબ વિકાસ કરી આપી તનમનની શાંતિ સાથે ચેતનને અખંડ આનંદ આપે તેવી તેમાં શકયતા છે.

માયા મમતામાં પડેલા પ્રાણીને પત્ની, પુત્ર કે સગાંવહાલાની માયા લાગે છે. એ છોકરાને માથું દુખવા આવે ત્યાં ગાંડો-ઘેલો થઇ જાય છે અને સ્નેહ-મમતાને અંગે હજારો શંકા મનમાં ગોઠવી દે છે. આવી માયા કારમી છે, અસ્થિર છે, અલ્પ સમયની છે. આ તો મેળાના મેળાપ છે, રેલ્વે ટ્રેનની ઓળખાણ છે, સવાર થશે કે પંખી ઊડી જશે અને પાછા કયાં મળશું ? કયારે મળશું ? કેવા-સ્વરૂપે મળશું ? એ સર્વ અનિશ્ચિત રહે છે. આવી માયામાં લપટાઇ આખો માર્ગ બગાડી નાખવો એ સમજદારનું કામ નથી. પણ આ વાત જરા મુશ્કેલ છે. સામાયક પોસહની વાતમાં તો કાંઇક સુકરતા છે, આ માયાત્યાગની વાત વધારે આકરી છે, પણ જરૂર વિચારવા જેવી છે.

છતાં માયાત્યાગ ન થઇ શકતો હોય તો નિર્મમત્વી નિઃસંગી સાધુપુરુષ સાથે માયા કરવી. એમની સાથેની માયામાં કચવાટનું આખું તત્ત્વ રહેતું નથી અને એમના પરિચયમાં માયાનું સ્વરૂપ ઓળખાતાં આખું રાગનું ઓસડ સાંપડે તેમ છે. આ અણગારની માયા શીખવા માટે ઉપર જણાવેલ સામાયક પૌષધના સહકાર-તરુના આશ્રયની જરૂર છે અને એવા સાચા શાંત સ્થળની પ્રાપ્તિ થઇ જાય તો ભવના ફેરા આળસી જાય, અખંડ શાંતિની પ્રાપ્તિ થઇ એકંદરે લીલાલહેર વર્તી જાય, માટે પ્રાથમિક અભ્યાસ તરીકે બે વાત કરવાની આવશ્યકતા દેખાય છે: એક તો બની શકે ત્યારે સામાયક પૌષધ કરવાની પદ્ધતિ સ્વીકારી સહકારવૃક્ષની શીતળ છાયા અનુભવવી અને બીજું માયાનો ત્યાગ સર્વથા ન થઇ શકે તો સાચા ત્યાગી મુનિ સાથે માયા-સ્નેહ કરવો. સમજવું કે સંસારની માયા કૂડી ( ખોટી ) છે, એની છાયા શીતળતા વગરની છે, કાચા ઠણકો લાગતાં ફૂટી જાય તેવી કાચ જેવી નકામી છે અને માયા કરવી તો ખરા ત્યાગી વિરક્ત આત્મદશાવાળા મુનિની કરવી. આ બન્ને વાત ધ્યાનમાં રાખવાથી માર્ગદર્શન થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એમાં આપણે શું ?

**અનેક** મનુષ્યોના મુખમાંથી આ છ અક્ષરનો ઉપેક્ષા મંત્ર અનેક પ્રસંગે સાંભળવામાં આવે છે. કોઇ માણસને તાત્કાલિક અકસ્માત થતો જુએ, કોઇને ગાડી કે મોટરના સપાટામાં આવી ગયેલ જુએ કે કોઇ માણસને આકસ્મિક વ્યાધિ થયેલ જુએ તેમજ એવે વખતે સુજ્ઞજનોનું હૃદય આર્દ્ર થઇ જાય ને અન્યના દુ:ખે દુ:ખી થાય અને બની શકે તેટલા પ્રયાસથી અન્યના દુ:ખનું નિવારણ કરવાનો પ્રયત્ન કરે; પણ એમાં આપણે શું ? એમ કહીને રસ્તે પડી જાય નહીં; જેમના હૃદય કઠોર હોય તેઓ જ એવા શબ્દો બોલીને ત્યાંથી ચાલ્યા જઇ શકે. આવા પ્રસંગ અનેક વખત બને છે. તે વખતે મનુષ્યના હૃદયની સાચી પરીક્ષા થાય છે. તેવે વખતે મનુષ્યને મનુષ્ય સહાય ન કરે તો તેને મનુષ્ય કહેવો કે પશુ ?

આવા પ્રસંગો કોઇ વખત આપણી ઉપર આવી પડે ત્યારે જો આપણા દુ:ખને જોનાર કે સાંભળનાર એમાં આપણે શું ? એમ કહીને ચાલ્યા જાય તો આપણને કેવું લાગે તેનો વિચાર કરીએ ત્યારે ખરી સમજણ પડે છે, માટે દયાળુ અંત:કરણવાળાએ એવા પ્રસંગો ચાલ્યા જવા ન દેતાં બને તેટલી અન્યને સહાય કરવી એમાં જ મનુષ્યત્વ છે. મનુષ્ય જેવી જિંદગી પ્રાપ્ત થયા છતાં જો તેનો સદ્દુપયોગ કરવામાં ન આવે તો તે અમૂલ્ય જિંદગી વૃથા જાય છે એટલું જ નહીં પણ ફરીને તેવી જિંદગી પ્રાપ્ત થતી નથી એ ચોક્કસ માનવા યોગ્ય છે.

આવે પ્રસંગે આપણે અશક્ત હોઇએ તો બીજા સશક્તની સહાય મેળવવા તેને પ્રેરણા કરવી, પરંતુ ઉપર જણાવેલ ઉપેક્ષા મંત્રનું ઉચ્ચારણ તો ન જ કરવું.

આ જન્મમાં આપણને જે દુ:ખ પ્રાપ્ત થાય છે તે આપણા પૂર્વજન્મનાં કૃત્યોનું પરિણામ છે, એમાં તો શંકાને સ્થાન જ નથી ત્યારે અત્યારે આપણે જો કરુણા ભાવ ન દાખવીએ તો આગામી ભવે આપણી ઉપર કરુણાભાવ કોણ દાખવશે ? આ કાળમાં તો કેટલીક વખત તાત્કાલિક જ આપણા સુકૃત્ય કે દુષ્કૃત્યનાં પરિણામ જણાય છે પરંતુ તે જોવાને માટે અને તેવી દ્રષ્ટી મેળવવા માટે ઉત્તમ પ્રકારની જાગૃતિ જોઇએ. આ બાબત ખાસ ધ્યાન આપવા યોગ્ય છે. વધારે શું કહેવું ?

કુંવરજી

---

અને તેનો અમલ કરવાથી માર્ગપ્રાપ્તિ અને માર્ગપ્રગતિ થાય છે અને લક્ષ્ય સાધ્ય તરફ હોઇને એ માર્ગે આગળ વધતાં જતાં તેની નજીક નજીક જવાય છે. આ ભાવથી વહન કરાતું જીવન એ સાચું જીવન છે, બાકી માત્ર ફેરા છે. કાયની કાયા છેવટે છારની છે-ધૂળમાં મળવા યોગ્ય છે અને મળવાની જ છે, પણ એમાંથી અને એનાથી ધર્મ-સહકારની છાયા કે અણગારની માયા આપણે મેળવી લીધી તે આપણી છે. આ બન્ને વાત ખાસ આદરવા અને જીવવા યોગ્ય છે.

મૌક્તિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચા સુખની ચાવી

## ખુશમિજાજ અને કરુણાળુ હૃદય

જગતના મનુષ્ય માત્ર સુખને ઇચ્છે છે, પરંતુ સુખ મેળવવાના સાચા માર્ગ શોધી શકતા નથી. જો તેવા સાચા માર્ગ મળી જાય તો જરૂર સુખની પ્રાપ્તિ થાય છે. આ લેખને મથાળે લખેલી સાચા સુખની બે ચાવીઓ—ખુશમિજાજ અને કરુણાળુ હૃદય એ સુજ્ઞ મનુષ્યોના શોધકપણાનું સાચું પરિણામ છે. જે મનુષ્ય ખુશમિજાજી હોય છે તે દુઃખની બહુ દરકાર કરતો નથી એટલું જ નહિ, પણ દુઃખ પણ તેને બહુ અસર કરી શકતું નથી. ખુશમિજાજી મનુષ્ય દરેક કષ્ટના સંયોગોમાં પણ સુખનો માર્ગ શોધી શકે છે, તે દુઃખમાં લેવાઇ જતો નથી, દુઃખમાં તે ડૂબી જતો નથી અને આવેલ દુઃખ જરૂર અમુક વખતે પ્રયાસે કે બિનપ્રયાસે નાશ પામી જવાનું છે એમ માને છે. તંદુરસ્ત મનુષ્ય પ્રાયે ખુશમિજાજી હોય છે. ખુશમિજાજને માટે તંદુરસ્તીની પણ આવશ્યકતા છે. આનંદી સ્વભાવ તંદુરસ્તીનું આકર્ષક છે. તે સહેલાઇથી તંદુરસ્તીને મેળવી શકે છે. ખુશમિજાજી રહેવામાં બીજા પણ અનેક લાભ રહેલા છે. જે વિચારશીલ મનુષ્યો આ બાબતમાં વિચાર કરશે તેને તે લાભો જરૂર ધ્યાનમાં આવે તેમ છે.

સાચા સુખની ચાવીનો બીજો પ્રકાર કરુણાળુ હૃદય છે. કરુણાળુ હૃદયવાળા મનુષ્યો જો કે પારકે દુઃખે દુઃખી થતા હોય છે; પરન્તુ તે તેને દુઃખ માનતા નથી. તે તો એવા નાના મોટા દુઃખોથી દુઃખી થતા મનુષ્યોના દુઃખનું નિવારણ કેમ થાય તે જ વિચાર્યા કરે છે, તેને અનુસરતો પ્રયાસ કરે છે અને જ્યારે પોતાના પ્રયાસથી કોઇના પણ નાના મોટા દુઃખનું નિવારણ થાય છે ત્યારે તેનો આત્મા પ્રસન્ન થાય છે. આ પ્રસન્નતા જ તેને સુખી બનાવે છે. પોતાથી બને કિંવા ન બને તો પણ, તેનું હૃદય તો અન્ય મનુષ્યોનાં દુઃખો દૂર કરવાનું રટણ કર્યા કરે છે.

બાર ભાવના ઉપરાંતની બીજી ચાર ભાવનામાં પહેલી મૈત્રી ભાવના છે તે આવા મનુષ્યના હૃદયમાં પસાર પામેલી હોય છે અને તેથી તેનું હૃદય કાયમ આર્દ્ર તેમજ સુકોમળ હોય છે, જેને લઈને તેને અન્યનાં દુઃખ નિવારણના માર્ગો સહેજે મળી આવે છે.

આ બંને બાબતો બહુ વિચારવા યોગ્ય છે. એમાં ઘણું રહસ્ય ભરેલું છે અને તે આત્માની ભૂમિના ગુણ છે. જે ભૂમિ આર્દ્ર હોય તેમાં નાંખેલું બીજ થોડા પ્રયાસે સારો લાભ આપે છે એ બાબત જાણીતી છે. આ સંબંધમાં બુદ્ધિમાનો ઘણું લખી શકે તેમ છે, પરન્તુ હું તો આ ટૂંકો લેખ લખીને સુજ્ઞ મનુષ્યોને ખુશમિજાજ અને કરુણાળુ હૃદય એ બે શબ્દનું રટણ કરવાનું સૂચવું છું.

કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—શાહ હીરાલાલ ગણપતલાલ-ગઢકણ )

**પ્રશ્ન ૧**—ચક્રેશ્વરી વિગેરે દેવીઓની પૂજા થઇ શકે? અને તેને ખમાસમણુ દઇને વંદન થાય?

**ઉત્તર**—જિનબિંબની પૂજા કર્યા પછી અધિષ્ઠાયક દેવ-દેવીની પૂજા થઇ શકે. તેમને ખમાસમણુ દઇને વંદન ન થાય, પ્રીટ્ટાવંદન થાય.

**પ્રશ્ન ૨**—સિદ્ધાચળના એક સ્તવનમાં 'વિમળાચળ વિમળા પ્રાણી' કહેલ છે તેનો અર્થ શું?

**ઉત્તર**—વિમળા પ્રાણી નહીં પણ વિમળા પાણી-નિર્મળ પાણી એમ શબ્દ સુધારવો.

**પ્રશ્ન ૩**—નમોડર્હત્ કોનું કરેલ છે? તે સ્ત્રીઓને બોલવાનો અધિકાર કેમ નથી? પૂર્વાંતર્ગત એટલે શું?

**ઉત્તર**—નમોડર્હત્ બારમા અંગનું અથવા ચૌદ પૂર્વનું મંગળાચરણુ છે, તે ગણધરકૃત છે. પૂર્વાંતર્ગત એટલે ચૌદ પૂર્વોમાંથી અક્ષરશઃ ઉદ્ધરેલ છે. સ્ત્રીજાતિને બારમા અંગનો-ચૌદ પૂર્વનો અભ્યાસ કરવાનો અધિકાર ન હોવાથી પૂર્વાંતર્ગત વસ્તુ સ્ત્રીજાતિ બોલી ન શકે.

**પ્રશ્ન ૪**—શ્રાવિકાને ચોરસ દાંડીનો ચરવળો કેમ?

**ઉત્તર**—એનો જવાબ અનુભવીને પૂછશો.

**પ્રશ્ન ૫**—શ્રી વાસુપૂજ્ય ને શ્રી પાર્શ્વનાથ પરણેલા હતા?

**ઉત્તર**—ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર વિગેરેને આધારે પરણેલા જણાય છે. કોઇ આચાર્ય પરણેલા નથી એમ પણ કહે છે.

**પ્રશ્ન ૬**—રોહિણી કોની પુત્રી હતી?

**ઉત્તર**—વાસુપૂજ્યસ્વામીના પુત્રની પુત્રી હતી.

**પ્રશ્ન ૭**—તિથિ એટલે શું?

**ઉત્તર**—એક પક્ષના પંદર દિવસ તે પંદર તિથિ કહેવાય છે, પરંતુ વ્રતનિયમાદિ માટે બે બે દિવસને આંતરે એકેક પર્વતિથિ પૂર્વપુરુષોએ ઠરાવેલી છે. તદનુસાર બીજ, પાંચમ, આઠમ, અગ્યારશ ને ચૌદશ ઉપરાંત પુનમ અને અમાવાસ્યા પણ પર્વતિથિ ગણાય છે.

**પ્રશ્ન ૮**—સાધુ-સાધ્વી સુતરનાં વસ્ત્રો વાપરે છે તે ખાદીનાં વાપરતા હોય તો કેમ? ઠીક પડે કે નહીં?

**ઉત્તર**—ખાદીનાં વાપરવા એ ઠીક છે, એ બાબત આચાર્યાદિને રૂબરૂ મળીને પૂછશો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૯**—નમિઊણમાં કબંધે પાઠ છે તે ઠીક છે કે કમંધે ઠીક છે?

**ઉત્તર**—કબંધે બરાબર છે.

**પ્રશ્ન ૧૦**—પં. વીરવિજયજી પૌષધ વ્રતની પૂજામાં 'પ્રભુપડિમા પૂજીને પોસહ કરીએ રે' એમ લાવ્યા છે તે બરાબર છે?

**ઉત્તર**—બરાબર છે-શાસ્ત્રાધારવાળી વાત છે. તે અષ્ટપ્રકારી પૂજા કરવાનું જ સૂચવે છે, છતાં જે કોઇ પ્રતિક્રમણ સાથે જ પૌષધ લે તો તે પણ ઉત્તમ છે.

**પ્રશ્ન ૧૧**—દૈવસિક પ્રતિક્રમણ પારતાં ખમાસમણ દઇને ચઉક્કસાયનું ચૈત્ય-વંદન કરવું એમ કેટલાક કહે છે તે બરાબર છે?

**ઉત્તર**—આ તરફ તેવી પ્રવૃત્તિ નથી. તેમ વિધિમાં એ પ્રમાણે વાંચેલ નથી.

**પ્રશ્ન ૧૨**—નવકારશીના પચ્ચખ્ખાણવાળાએ પચ્ચખ્ખાણ પારી, મુખશુદ્ધિ કરીને જિનપૂજા કરવી ઠીક છે કે કેમ?

**ઉત્તર**—પોરિસી સુધીના પચ્ચખ્ખાણવાળાએ પચ્ચખ્ખાણ પારી, મુખશુદ્ધિ કરીને જિનપૂજા કરવી યોગ્ય છે; કારણ કે મુખ્ય વૃત્તિએ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા બીજા પહોરે કરવાનું કહ્યું છે.

**પ્રશ્ન ૧૩**–કુદરતી બરફ અભક્ષ્ય છે? **ઉત્તર**–બન્ને પ્રકારનો બરફ અભક્ષ્ય જ છે.

**પ્રશ્ન ૧૪**—કાચા પાણીથી પ્રભુની જળપૂજા કરાય છે તેને બદલે પાકા(અચિત્ત) પાણીથી કરાય તો તે ઠીક ખરું કે નહીં?

**ઉત્તર**—આપણે જિનપૂજા ઇંદ્રાદિક વિબુધોએ કરેલી પરમાત્માના જન્મા-ભિષેકના અનુકરણ રૂપે કરીએ છીએ, તેથી તેમણે સચિત્ત પાણીથી કરી છે તે પ્રમાણે જ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન ૧૫**—પ્રભુને ફૂલ ચડાવતાં કોઇ ફૂલ પડી જાય તો તેમાં રહેલો જીવ અભવ્ય હશે એમ સમજવું?

**ઉત્તર**—કોઇપણ જીવને અભવ્ય કહેવો તે વિશિષ્ટ જ્ઞાનીનો જ અધિકાર છે. આપણે કહી શકીએ નહીં.

**પ્રશ્ન ૧૬**—વર્તમાન ચોવીશીના ૨૪ પ્રભુ પૈકી ઋષભદેવ, શાંતિનાથ, નેમિ-નાથ, પાર્શ્વનાથ ને મહાવીરસ્વામીની જ ચાર ચાર થોઇ મળે છે, બીજાની નથી મળતી તેનું શું કારણ?

**ઉત્તર**—ચોમાસી દેવવંદનના કર્તાઓએ પાંચ પ્રભુની જ ચાર ચાર સ્તુતિ કરી છે. બીજા ૨૦ પ્રભુની એકેક જ સ્તુતિ કરી છે તેથી એ પ્રમાણે મળે છે. તેનું ખાસ કારણ વર્તમાન ચોવીશીમાં એ પાંચ પ્રભુ મુખ્ય ગણાય છે તે પણ છે. ચોવીશે તીર્થંકરની ચાર–ચાર સ્તુતિઓ શોભન મુનિ વિગેરેએ સંસ્કૃત વિગેરેમાં કરી છે.

**પ્રશ્ન ૧૭**—કોઈ કસાઇને પૈસા આપીને જીવ છોડાવીએ તે પૈસાથી કસાઇ વધારે જીવો લાવે તો તેથી લાભ કે ટોટો શું થાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—જીવ છોડાવનારને તો લાભ જ છે. તેણે કસાઇ તરફ જોવાનું નથી.

**પ્રશ્ન ૧૮**—આ. બુદ્ધિસાગરજીના બનાવેલાં સ્તવનો પ્રતિક્રમણમાં બોલાય?

**ઉત્તર**—મને તો એમાં કાંઇ વાંધો જણાતો નથી.

**પ્રશ્ન ૧૯**—કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કેટલા ભવે મોક્ષે જશે ?

**ઉત્તર**—તેની ભવસંખ્યા જાણી નથી. કેટલાક આંબલીના ઝાડનાં પાંદડાં જેટલા કહે છે.

**પ્રશ્ન ૨૦**—કૃષ્ણ ને જરાસંઘના યુદ્ધમાં કૃષ્ણના સૈન્ય ઉપર જરાસંઘે જરા મૂકી ત્યારે કૃષ્ણે નેમિનાથજીને તેના નિવારણનો ઉપાય પૂછતાં તેમણે 'ધરણેંદ્ર પાસેથી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા લાવી તેનું ન્હવણ જળ સૈનિકો ઉપર છાંટવું જેથી જરા ચાલી જશે' એમ બતાવ્યું. પ્રભુ સાક્ષાત્ છતાં તેમણે પોતાનુ ન્હવણ જળ છાંટવાનું ન બતાવતાં એમ કેમ બતાવ્યું ?

**ઉત્તર**—ઉત્તમ પુરુષો પોતાનો મહિમા મુખે કહેતા નથી એ જ એનું કારણ છે.

**પ્રશ્ન ૨૧**—પાર્શ્વનાથ થયા નહોતા છતાં તેની પ્રતિમા કયાંથી ?

**ઉત્તર**—એ પ્રતિમા ગઈ ચોવીશીમાં અશાઢી શ્રાવકે ભરાવેલી હતી અને તે સમયે ધરણેંદ્ર તેની પૂજા કરતા હતા.

**પ્રશ્ન ૨૨**—દુઃખ નિવારણ નિમિત્તે જિનેશ્વરની તેમજ તીર્થયાત્રાની બાધા રાખી શકાય ?

**ઉત્તર**—ન રખાય. એ લોકોત્તર મિથ્યાત્વ છે.

**પ્રશ્ન ૨૩**—સિદ્ધાચળના સ્તવનમાં ચૌદ ક્ષેત્રમાં ને ત્રણ ભુવનમાં એવું તીર્થ નથી એમ કહ્યું છે તે બરાબર છે ?

**ઉત્તર**—ચૌદ ક્ષેત્રમાં એવું બીજું તીર્થ નથી એ બરાબર છે. ચૌદ ક્ષેત્ર એટલે જંબૂદ્વીપના ભરતક્ષેત્ર સિવાયના બાકીના અઢી દ્વીપમાં રહેલ કર્મભૂમિનાં ચૌદ ક્ષેત્રો સમજવા. ત્રણ ભુવનમાં નથી એમ કહેવું તે બરાબર નથી.

**પ્રશ્ન ૨૪**—શ્રીપાર્શ્વનાથ પ્રભુએ નાગ નાગણીને બચાવ્યા છે કે એકલા નાગને જ બચાવ્યો છે ?

**ઉત્તર**—એકલા નાગને બચાવ્યાની વાત જ શાસ્ત્રાધારવાળી છે.

**પ્રશ્ન ૨૫**—શ્રી ચંદ્રકેવળી ને ચંદ્રકુમાર બે જુદા જુદા છે કે એક જ છે?

**ઉત્તર**—જુદા જુદા છે. શ્રી ચંદ્રકેવલી આયંબીલ વર્ધમાન તપના કરનારા છે અને ચંદરાજા સૂર્યકુંડના જળના પ્રભાવથી કુકડો મટીને અસલ હતા તેવા મનુષ્ય થયા તે છે.

**પ્રશ્ન ૨૬**—હાથ ઉપરના નખ સચિત્ત છે કે અચિત્ત ?

**ઉત્તર**—ચામડી સાથે મળેલ છે તેટલો ભાગ સચિત્ત છે. તેની ઉપરનો ભાગ અચિત્ત છે.

કુંવરજી

—卐—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

### ( ૪ )

પથિક યોગિરાજ પાસેથી છૂટો પડીને પોતાના નિવાસસ્થાને આવ્યો. યોગિરાજની વેધક અમૃત વાણી હજુ તેના કાનમાં ગુંજી રહી હતી અને તેના અર્થનું તેના હૃદયમાં મંથન ચાલી રહ્યું હતું. આવી અપૂર્વ તત્ત્વવાર્તા તેણે પૂર્વે કદી સાંભળી નહોતી. યોગિરાજના શ્રીમુખે તે શ્રવણ કરવાનું અહો ભાગ્ય પ્રાપ્ત થયું તેથી તે પોતાની પરમ ધન્યતા માનતો હતો. હું આ તીર્થસ્થળે આવી ચઢ્યો એ બહુ સારુ થયું. મારી આ તીર્થયાત્રા બહુ ફળવતી થઈ. નહિં તો આવા સત્પુરુષ વિરલ સંતના દર્શન-સમાગમનો લાભ ક્યાંથી મળત ? આ તો કોઇ પૂર્વપુણ્યનો અંકુર ફૂટી નિકળ્યો, તેથી અકસ્માત્ આ જંગમ તીર્થ-સ્વરૂપ મહાત્મા યોગિરાજનો મને અહીં ભેટો થઇ ગયો. આવા રમતારામ, અવધૂત, સાચા નિર્ગ્રંથ મુનીશ્વરનો ' જોગ ' બનવો ખરેખર દેવોને પણ દુર્લભ છે એમ તે ચિંતવતો હતો.

યોગિરાજે કહેલી પ્રત્યેક તત્ત્વવાર્તા તેના હૃદયમાં સચોટ લાગી હતી-પ્રતીત થઇ હતી. તેમણે માર્ગ સંબંધી ઉઠાવેલો કરુણ પોકાર તેના સહૃદય હૃદયને કરુણાભાવથી આર્દ્ર કરી વલોવી રહ્યો હતો, કારણ કે કુશલ સદ્વૈદ્યની માફક સમાજની નાડ બરાબર પારખી, આ સાચા સાધુપુરુષે તેના રોગનું સાચું નિદાન કરી, તેના નિવારણનો સાચો ને સચોટ ઉપાય બતાવ્યો છે, એમ તેનો અંતરાત્મા સાક્ષી પૂરતો હતો. ક્વચિત્ તેમનો મીઠા ઠપકા-રૂપ પુણ્યપ્રકોપ ઉઠી આવતો હતો; તે પણ તેમની જિનશાસન પ્રત્યેની અંતરદાઝવાળી પરમ ભક્તિ સૂચવતો હોઇ પ્રશસ્ત ભવ્ય ભાસતો હતો.

હજુ પણ તેને એક શંકા રહી હતી. ચર્મચક્ષુથી માર્ગ જોઈ રહેલો સમસ્ત સંસાર ભૂલ ખાઈ ગયો છે એ વાત તો તેને સમજાઇ, પણ જે નયને કરી માર્ગ જોઇએ, તે તો દિવ્ય નયન છે, એમ જે યોગિરાજે કહ્યું, તેમાં દિવ્ય નયન તે શું ? તેની એને હજુ સમજણ પડતી નહોતી. તે દિવ્ય નયન શું કોઇ દેવતાઇ ચક્ષુ હશે ? કે કોઇ અદ્ભુત જાદુઇ શક્તિવાળી દૃષ્ટિ હશે ? કે કોઇ અજબ નજરબંધીનો ચમત્કાર હશે ? કે બીજું કાંઇ હશે ? એ હજુ તેને સમજાતું નહોતું. પણ યોગિરાજ પાસેથી પ્રાતઃકાળે તેનું યથા-યોગ્ય સમાધાન મળી જશે એમ તેને ખાત્રી હતી. એટલે બહુ વિકલ્પ કર્યાથી શું ? એમ ચિંતવતો ચિંતવતો તે શયન કરી ગયો.

## દશ્ય ત્રીજું

પછી પ્રાતઃકાળે વહેલા ઊઠી, પ્રાતઃવિધિથી પરવારી તેણે ગિરિરાજની તળેટી ભણી પગલા માંડ્યા ને અનુક્રમે ત્યાં પહોંચ્યો. ત્યાં દેવાલયમાં પ્રભુને પ્રણામ કરી, તે તેની પશ્ચાત્ ભૂમિકામાં પ્રવિષ્ટ થયો. ત્યાં સુંદર આમ્રવાટિકા હતી. ઊંચા આમ્રવૃક્ષો ફલભારથી લચી રહ્યા હતા. કોયલ મધુર સ્વરે ટહુકા કરી રહી હતી. સુગંધી પુષ્પદ્રુમોની સૌરભથી વાતા-વરણ મઘમઘી રહ્યું હતું ને તેનાથી આકર્ષાઇને ભમરા ગુંજારવ કરી રહ્યા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" રૂડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણ ને સહકાર...વાલા;
કેતકી જાઈ ને માલતી રે, ભ્રમર કરે ગુંજાર...વાલા."
—પંચકલ્યાણક પૂજા

ઋતુરાજ વસંતનો જાણે અત્ર અવતાર થયો હતો ! પ્રકૃતિ જાણે આનંદથી પ્રફુલ્લ બની નૃત્ય કરી રહી હતી ! આવા સુરમ્ય સ્થળમાં તેણે આજુબાજુ નજર કરી, પણ યોગિરાજ દેખાયા નહિં. એટલે એ એક શિલાતલ પર બેઠો ને યોગિરાજની પ્રતીક્ષા કરવા લાગ્યો.

ત્યાં થોડી વાર પછી દેવાલયની દિશામાંથી સુંદર કર્ણમધુર ધ્વનિ તેને સંભળાયો. તેની હલક ઉપરથી તેણે યોગિરાજનો સ્પષ્ટ અવાજ ઓળખ્યો, એટલે તે એકચિત્તે સાંભળવા લાગ્યો—

" ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઈએ, નયન તે દિવ્ય વિચાર.
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે.

પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય. પંથડો૦

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ. પંથડો૦

આ પંક્તિઓ યોગિરાજે એટલા બધા સહજ ભાવાવેશથી પુનઃપુનઃ લલકારીને એટલું બધું ભક્તિપૂર વહાવ્યું કે તેનો પાવન પ્રવાહ જેને જેને સ્પર્શ્યો તે સર્વ અપૂર્વ ભક્તિરસમાં તણાવા લાગ્યા. તે પથિકનો અંતરાત્મા પણ તે પરમ ભક્તિનિર્ભર સ્તવન સાંભળી અત્યંત ઉલ્લસિત થયો, તેના ભાવ રોમાંચ ખડા થયા, આનંદાશ્રુ ઝરવા લાગ્યા અને તે ભક્તિ તરંગિણીમાં નિમજ્જન કરવા લાગ્યો. અને તેમાં એટલો બધો તન્મય થઇ ગયો કે તે આજુબાજુનું ભાન પણ ભૂલી ગયો.

પછી થોડી વારે જ્યારે યોગિરાજ પોતે પાસે આવીને ' અહો ! ભવ્ય ! તું વહેલો વહેલો આવી ગયો છે કે ? ' એમ મીઠા અવાજે બોલ્યા ત્યારે તેને ખબર પડી કે યોગિરાજ તો આવી ગયા છે. એટલે સંભ્રમથી તે એકદમ ઊભો થયો ને વિનયથી નમસ્કાર કરી બોલ્યો–મહાત્મન્ ! ક્ષમા કરજો ! આપ આવ્યા છો એની મને ખબર નહિં. હું તો આપે વહાવેલા પરમ અદ્ભુત ભક્તિરસનો આસ્વાદ લઇ રહ્યો હતો અને એની ખુમારી એટલી બધી ચઢી હતી કે મને આપના આગમનની પણ ખબર ન પડી.

**યોગિરાજ**—હે ભદ્ર ! એમાં ક્ષમા કરવા જેવું છે શું ? આ તારી ચેષ્ટા તો ખુશી થવા જેવી છે, પ્રમોદ પામવા જેવી છે. આ દેખી મારું ચિત્ત અત્યંત પ્રસન્ન થયું છે, કારણ કે જે ભક્તિમાં આહાર આદિ સર્વ સંજ્ઞા ભૂલાઇ જાય તે જ સંશુદ્ધ ભક્તિ છે, અને તે જ અવંધ્ય યોગ-બીજ છે એમ યોગાચાર્ય ભગવાન્ **હરિભદ્રસૂરિએ** કહ્યું છે. આવી ભગવદ્ભક્તિની પ્રાપ્તિ થવી એ ચરમાવર્તનું લક્ષણ છે. જેને છેલ્લો ભવ-ફેરો હોય તેને આવી પરમાનંદ પદ આપનારી ભક્તિ પ્રગટે માટે હે ભવ્ય ! ખેદ ન કર, પણ પ્રમોદ પામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ કહી યોગિરાજ શિલાપટ પ્રમાર્જીને તે ઉપર બિરાજ્યા, ને પથિકને પણ બેસવાને સંજ્ઞા કરી, એટલે તે પણ નીચે શુદ્ધ ભૂમિ પર વિનયથી બેઠો. પછી ક્ષણવાર મૌન રહી તે બોલ્યો—યોગિરાજ! આપની આગલા દિનની તત્ત્વવાર્તા આપના શ્રીમુખે હું શ્રવણ કરવાને ઉત્કંઠિત છું પણ તે પૂર્વે એક શંકાનું સમાધાન સાંભળવા ઇચ્છું છું. આપે 'ચરમ નયન' અને 'દિવ્ય નયન' એમ કહ્યું તેમાં 'દિવ્ય નયન' એટલે આપ શું કહેવા માગો છો ? તેની જરા સ્પષ્ટતા કરવા કૃપા કરો.

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય! ચક્ષુ એટલે બાહ્યદૃષ્ટિ, દિવ્ય નયન એટલે આંતરદૃષ્ટિ, અથવા બીજા શબ્દોમાં કહીએ તો ચર્મચક્ષુ એટલે ઓઘદૃષ્ટિ ને દિવ્યચક્ષુ એટલે યોગદૃષ્ટિ. આ સમજવા માટે સ્થૂલ દૃષ્ટાંત લઇએ:—કોઇ એક અમુક દૃશ્ય છે. તે મેઘલી રાતે ઘણું ઝાંખું દેખાય, તેના કરતાં મેઘલા દિવસે વધારે સ્પષ્ટ દેખાય ને તેના કરતાં વળી મેઘ વિનાના દિવસે ઘણું વધારે સ્પષ્ટ દેખાય. તેમાં પણ જોનારો દ્રષ્ટા જો બાળક હોય અથવા પુખ્ત ઉમરનો હોય તો તેના જોવા જોવામાં પણ તફાવત પડે. તે દ્રષ્ટા વળી ગ્રહગ્રસ્ત હોય અથવા ન હોય, તો તેના દેખવામાં ફેર આવે; તેમ જ તેની દૃષ્ટિ આડો સૂક્ષ્મદર્શક કાચ ધર્યો હોય તો તેના દર્શનમાં ભેદ પડે. આમ એક જ દૃશ્યમાં બાહ્ય ઉપાધિને લીધે દૃષ્ટિના ભેદ પડે છે. આ ઓઘદૃષ્ટિનું દૃષ્ટાંત છે. અને યોગદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ, યોગીપુરુષની દૃષ્ટિ. સમ્યગ્દર્શનને પામેલા ભિન્નગ્રંથિવાળા **સ્થિરા** વગેરે દૃષ્ટિમાં વર્તતા સાક્ષાત્ દ્રષ્ટા યોગિજનની દૃષ્ટિ તે યોગદૃષ્ટિ.

**પથિક**—મહાત્મન્! આ ઓઘદૃષ્ટિ ને યોગદૃષ્ટિનું સ્વરૂપ લક્ષણ શું ? તે બન્નેનો સ્પષ્ટ તફાવત શો ?

**યોગિરાજ**—ઓઘદૃષ્ટિ એટલે સામાન્ય પ્રાકૃત જનની—પ્રાકૃત જનપ્રવાહની દૃષ્ટિ, લોકપ્રવાહપતિત દૃષ્ટિ, ગાડરીઆ પ્રવાહ જેવી ગતાનુગતિક દૃષ્ટિ. આવી ઓઘદૃષ્ટિવાળા લોકો પોતપોતાના દર્શનના આગ્રહી હોય છે ને પરસ્પર વિવાદ કરે છે, તથા મારું દર્શન જ સાચું છે ને બીજાનું ખોટું છે એમ સાબિત કરવા મથે છે.

પણ સમ્યગ્ યોગદૃષ્ટિને પામી જેણે સમ્યગ્ આત્મદર્શન કર્યું છે—આત્મસાક્ષાત્કાર કર્યો છે, એવા દ્રષ્ટા યોગીપુરુષોને તો પોતપોતાના મત-દર્શનનો બિલકુલ આગ્રહ હોતો નથી, કારણ કે તે વિશાલ દૃષ્ટિવાળા સત્પુરુષોને નયના યથાયોગ્ય વિભાગનું બરાબર ભાન હોય છે, એટલે સાપેક્ષપણે વસ્તુતત્ત્વનું નિરીક્ષણ કરતા રહી તે મહાનુભાવો મધ્યસ્થભાવ રાખે છે, નિષ્પક્ષપાતી રહે છે. આ નિર્પેક્ષ નિરાગ્રહી વિરલાઓ શુદ્ધ બોધને પામેલા હોઇ પરમ ગંભીર, ઉદાર આશયવાળા હોય છે, ને મૈત્રી આદિ ભાવનાઓના ભાવિતાત્મા હોય છે. એટલે એમને મન આખું જગત્ પોતાનું જ છે; પોતાના કુટુંબ જેવું જ છે, એથી કરીને મારા-તારાપણાનો ભેદ તેમને હોતો નથી અને અન્યને માર્ગે અવતારવા માટે પણ તે સંતજનો પરમ કરુણાથી ચારિસંજીવની ન્યાયનો* આશ્રય કરે છે. આવા

*"न खल्वयं (दर्शनभेदः) स्थिरादिदृष्टिमतां भिन्नग्रन्थीनां योगिनां यथाविषयं नयभेदावबो-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ ઉદારચિત્ત સાગરવરગંભીરા મહાત્મા જોગીજનોની જે વિશ્વગ્રાહિણી ને વિરોધહારિણી પરમ ઉદાર દૃષ્ટિ તે યોગદૃષ્ટિ છે, કારણ કે તે તે દર્શન તે તે નયની અપેક્ષાએ સાચું છે, એમ આ યોગિજનો સારી પેઠે જાણે છે, એટલે સર્વ દર્શનોને તેઓ એક જિનદર્શનના અથવા શુદ્ધ આત્મદર્શનના અંગરૂપ માને છે, એક આત્મતત્ત્વના મૂળમાં તે સર્વ વ્યાપ્ત છે એમ જાણે છે. એથી કરીને તેઓ પછી ખંડન-મંડનની મિથ્યા કડાકૂટમાં પડતા નથી.

આમ ઓઘદૃષ્ટિ ગાડરીઆ પ્રવાહ જેવી, લૌકિકભાવવાળી છે, ને યોગદૃષ્ટિ તત્ત્વગ્રાહિણી, પરમાર્થદર્શી તથા લોકોત્તરભાવવાળી છે. ઓઘદૃષ્ટિમાં પોતપોતાના મત-દર્શનનો આગ્રહ હોય છે, અને મારું તે સાચું એમ માને છે; યોગદૃષ્ટિમાં કોઇ પણ મત-દર્શનનો આગ્રહ કે વિકલ્પ હોતો નથી, સાચું તે મારું એમ માને છે. ઓઘદૃષ્ટિ સંકુચિત ને છીછરી હોય છે, યોગદૃષ્ટિ વિશાળ ને ગંભીર આશયવાળી હોઇ સર્વનો સમાવેશ કરે છે. ઓઘદૃષ્ટિવાળો ભવાભિનંદી હોઈ ×લોકપંક્તિમાં બેસે છે, ને જનમન-રંજનાર્થ પ્રવૃત્તિ કરે છે; યોગદૃષ્ટિવાળો મુમુક્ષુ આત્માર્થી પુરુષ લોકપંક્તિથી પર હોઇ કેવળ આત્મકલ્યાણાર્થે સમસ્ત પ્રવૃત્તિ કરે છે.

આ યોગદૃષ્ટિ જેમ જેમ ખુલે છે, તેમ તેમ વસ્તુતત્ત્વનું વિશેષ નિર્મલ દર્શન થતું જાય છે. જેમ આંખ મીંચેલી હોય, તે જરાક ઉઘડે તો પાસેના પદાર્થનું ઝાંખું દર્શન થાય, વધારે વધારે ઉઘડતાં વધારે દૂર દૂરનું દર્શન થતું જાય છે ને છેવટ સંપૂર્ણ ખુલતાં અનંત આકાશ પણ દેખાય છે. તેમ યોગદૃષ્ટિ જરાક ઉન્મીલન થતાં-ઉઘડતાં તત્ત્વનું ઝાંખું મંદ દર્શન થાય છે, વિશેષ ખુલતાં વિશેષ દેખાય છે ને સંપૂર્ણ ખુલતાં અનંત વિશ્વસ્વરૂપ પ્રગટ ભાસે છે. દૃષ્ટિના ઉન્મીલન પ્રમાણે દર્શનની તરતમતા હોય છે. ( ચાલુ )

**ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.**

---

धभावादिति । प्रवृत्तिरप्यमीषां परार्थं शुद्धबोधभावेन विनिवृत्ताग्रहतया मैत्र्यादिपारतन्त्र्येण गंभीरोदाराशयत्वात् चारिचरिकसंजीवन्यचरकचारणनीत्येति''–શ્રી**હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ**

"સઘન અઘન દિન રયણિમાં, બાલ વિકલ ને અનેરા રે;
અર્થ જુએ જેમ જુજુઆ, તિમ ઓઘ નજરના ફેરા રે...વીર જિનેસર દેશના.
દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે...વીર૦"

—શ્રી **યશોવિજયજીકૃત શ્રી યોગદૃષ્ટિસજ્ઝાય**

× " लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना । क्रियते सत्क्रिया सात्र लोकपंक्तिरुदाहृता ॥
भवाभिनन्दिनो लोकपंक्त्या धर्मक्रियामपि । महतो हीनदृष्ट्योच्चैर्दुरन्तां तद्विदो विदुः ॥ "

**—શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિન્દુ**

"જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યો, તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રુડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છઉં."

**—મહાતત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી**

For Private And Personal Use Only

# निगोद्–स्वरूप

## ( २ )

આ પ્રમાણે પ્રત્યેક આકાશપ્રદેશે જો કે અનંતા જીવોના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો રહેલા છે, તો પણ તેમાં જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ લાભે છે. લોકને અંતે જ્યાં ખૂણા નીકળેલા હોય છે અને જે નિષ્કુટ કહેવાય છે ત્યાં કે જ્યાં રહેલા જીવોને ત્રણ દિશિનો જ આહાર મળી શકે છે, સ્પર્શના પણ ત્રણ દિશાની જ તેમને હોય છે, બાકીની ત્રણ દિશાએ અલોક હોય છે ત્યાં જ '**જઘન્યપદ**' લાભે છે. ત્યાંના પ્રત્યેક આકાશપ્રદેશ ઉપર જીવપ્રદેશો સર્વથી થોડા હોય છે તે જઘન્યપદ કહેવાય છે, તે જઘન્યપદના જીવપ્રદેશો કરતાં સર્વ જીવો અસંખ્યગુણા હોય છે અને ઉત્કૃષ્ટપદવાળા એક એક આકાશપ્રદેશે તે સર્વ જીવો કરતાં વિશેષાધિક જીવપ્રદેશો હોય છે. બાકી જ્યાં ચાર કે પાંચ દિશાનો આહાર મળે ત્યાં '**મધ્યમપદ**' લાભે છે.

ત્રણ, ચાર કે પાંચ દિશાથી આહાર મળે તેવા સ્થાનમાં ખંડગોળા ઉત્પન્ન થાય છે. જ્યાં છ દિશાનો આહાર મળી શકે ત્યાં જ **પૂર્ણગોળા** ઉત્પન્ન થાય છે અને એવાં ગોળામાં જ '**ઉત્કૃષ્ટપદ**' લાભે છે. આ ખંડગોળા અને પૂર્ણગોળાની નિષ્પાદક નિગોદ કહેવાય છે. ગોળાઓનું ખંડપણું કે અખંડપણું તે અવગાહનાની અપેક્ષાએ નથી, પણ સ્પર્શનાની અપેક્ષાએ છે.

ગોળક ( ગોળા ) તે આકાશપ્રદેશની રચના છે. તેનો આકાર ગોળ લાડવા જેવો હોવાથી તે ગોળક કહેવાય છે. જ્યાં ઊર્ધ્વ, અધો અને પૂર્વ પશ્ચિમાદિક ચાર મળી છ દિશાએ લોક હોય છે ત્યાં પૂર્ણગોળક ઉત્પન્ન થાય છે. તે પ્રત્યેક અસંખ્ય આકાશપ્રદેશના બનેલા હોય છે. તે પ્રત્યેક ગોળાના એકેક મધ્યબિંદુ તરીકે આકાશપ્રદેશને મૂકીને બીજા મધ્યબિંદુને આશ્રીને અસંખ્ય ગોળાઓ છએ દિશામાં ઉત્પન્ન થાય છે. તેથી તેવા પૂર્ણ ગોળાઓ પ્રસ્તુત પૂર્ણગોળક કરતાં પણ અસંખ્યાતગણા થાય છે. આવા ગોળા જ્યાં એક બે ત્રણ દિશાએ અલોક હોય છે ત્યાં બની શકતા નથી તેથી તે સ્થાને ખંડગોળા બને છે અને તેથી જ ત્યાં જીવના પ્રદેશો ઓછા હોય છે તે હેતુથી જ ત્રણ દિશાએ અલોકવાળા સ્થાનને 'જઘન્ય' કહેવામાં આવેલું છે. આવા એક એક ગોળાના સર્વ પ્રદેશોને અવલંબીને અસંખ્ય નિગોદો રહેલી છે કે જેની અવગાહના તે પૂર્ણગોળક સદૃશ જ છે, પરંતુ તે પ્રસ્તુત ગોળાને અનુસરીને બીજા તે ગોળાની બહાર અસંખ્ય ગોળાઓ નિષ્પન્ન થાય છે અને ગોળાઓની સંખ્યા કરતાં નિગોદની સંખ્યા અસંખ્યાતગુણી થાય છે. આવા ગોળકો પ્રસ્તુત ગોળકમાં એક એક પ્રદેશની હાનિ અને એક એક પ્રદેશની અન્ય તરફ વૃદ્ધિ એમ કરતાં જુદા જુદા મધ્યબિંદુ કલ્પવાથી અસંખ્યાતા બને છે. તે સંબંધી વધારે સમજુતી '**નિગોદષટ્ત્રિંશિકા**' પ્રકરણમાં આપેલી છે.

વ્યવહારનયે જેટલા પૂર્ણગોળક છે તેટલા જ ઉત્કૃષ્ટપદ છે. નિશ્ચયનય આ સંબંધમાં એટલું વિશેષ કહે છે કે–જ્યાં બાદર નિગોદ કદાદિ રહેલ હોય તે આકાશપ્રદેશો તેમજ બાદર નિગોદમાંથી અને સૂક્ષ્મ નિગોદમાંથી નીકળેલા પણ તે બે પ્રકારની નિગોદમાં જ ઉપજવાના જીવોના આત્મપ્રદેશો તેમજ તે બન્ને પ્રકારની નિગોદમાં ઉપજવા આવતા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય પૃથ્વીકાયાદિ જીવોના આત્મપ્રદેશો જ્યાં વધારે લાભે ત્યાં ત્યાં ઉત્કૃષ્ટપદ સમજવું. જેથી ગોળક અને ઉત્કૃષ્ટપદ એ બે સરખા નહિ થાય પણ ઉત્કૃષ્ટપદ ગોળા કરતાં ઓછા થશે. બાકી બાદર નિગોદ વિગેરેના આશ્રય વિના તો તેની સમાનતા જ થશે. ગોળા અસંખ્યાતા છે અને તે પ્રત્યેક ગોળામાં અસંખ્ય નિગોદ તો તેટલી જ અવગાહનાવાળી રહેલી છે. બાકી વધતી ઘટતી અવગાહનાવાળી નિગોદો અસંખ્યાતગુણી છે અને તે પ્રત્યેક નિગોદમાં અનંતા જીવો રહેલા છે. તે દરેક નિગોદના જીવો સિદ્ધના જીવો કરતાં અનંતગુણા છે. સિદ્ધના જીવો ' પાંચમે મધ્યમયુક્ત ' અનંતે છે અને આ એક નિગોદમાં રહેલા જીવો આઠમે અનંતે છે. સમકિત પામ્યા પછી પતિત થયેલા જીવો કે જેઓ અર્ધપુદ્ગલ પરાવર્ત્તનની અંદર ફરી સમકિત આદિ પામીને મોક્ષે અવશ્ય જવાના જ છે, તેવા જીવો અભવ્ય કરતાં અનંતગુણા છે અને સિદ્ધને અનંતમે ભાગે છે. તે પણ પાંચમે અનંતે છે. પાંચમા અનંતાના અનંતા સ્થાનો હોવાથી આ સંખ્યા અબાધિતપણે ઘટી શકે છે. સિદ્ધના જીવોમાં નિરંતર વૃદ્ધિ થતી જાય છે, છતાં તે પાંચમે અનંતે આ કારણથી જ ગણી શકાય છે. પુદ્ગલપરાવર્ત્તનનો કાળ અનંતો હોવાથી અર્ધપુદ્ગલપરાવર્ત્તન જેટલા કાળમાં પ્રથમના પડવાઇ જીવો મોક્ષે જાય છે અને બીજા લગભગ તેટલા જીવો નવા પડવાઇ થાય છે.

ક્ષેત્ર વિચારણાએ પ્રત્યેક ગોળકની તેમજ પ્રત્યેક નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને અસંખ્ય આકાશપ્રદેશની એક સરખી હોય છે. બાદર નિગોદની અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગની છે અને તેમાં પણ દરેક નિગોદમાં અનંતા જીવો છે. દરેક જીવનું તૈજસ અને કાર્મણ એ બે શરીર જુદા જુદા છતાં ઔદારિક શરીર જુદું જુદું નથી.

**નિગોદના જીવો કયા કર્મથી અનંતકાળ સુધી અતિ દુઃખિત હોય છે ?**

આ સંબંધી સંપૂર્ણ વિચાર જણાવવાને કેવળી સિવાય કોઈ સમર્થ નથી, તો પણ તેનો આશય સમજવા સારુ કિંચિત્ કર્મપ્રકાર કહેવામાં આવે છે.

નિગોદના જીવો સ્થૂલ આશ્રવ સેવવાને સમર્થ નથી પરન્તુ તે એક એકને વિંધીને એક એક શરીર આશ્રી અનંત રહેલા છે, પૃથક્ પૃથક્ દેહરૂપી ગૃહથી રહિત છે. પરસ્પર દ્વેષના કારણભૂત ઔદારિક શરીરમાં સંસ્થિત છે અને અત્યંત સંકીર્ણ નિવાસ મળવાથી અન્યોઅન્ય વિંધીને નિકાચિત વૈર બાંધે છે, જે પ્રત્યેકને અનંત જીવો સાથે ઉગ્રપણે બંધાય છે. હવે જ્યારે એક જીવે એક જીવ સાથે બાંધેલું વૈર અત્યંત ગાઢ હોઇને એક જીવે અનંત જીવો સાથે બાંધેલું વૈર અનંતકાળે ભોગવાય તેમાં શું આશ્ચર્ય ? અને તે ભોગવવાનો કાળ અનંત છે. કેદખાનામાં પૂરાયેલા કેદીઓ જેમ પરસ્પર સંમર્દનથી પીડાયા છતાં આમાંથી કોઇ મરે અથવા જાય તો હું સુખે રહું ને ભક્ષ્ય પ્રમાણમાં કંઇક વધારે મળે એવી દુષ્ટ ભાવનાથી એક એક જીવ પ્રતિ અશુભ કર્મ બાંધે છે તેમ નિગોદ જીવોના કર્મબંધ વિષે પણ સમજવું. અતિ સાંકડા પાંજરામાં પૂરાયલા પક્ષીઓ, જાળ વિગેરેમાં સપડાયલા માછલા પરસ્પરની બાધાથી દ્વેષયુક્ત થયા છતાં અતિ દુઃખી થાય છે. પંડિતો કહે છે કે-' ચોરને મરાતો અથવા સતીને અગ્નિમાં પ્રવેશ કરતી કુતૂહલથી જોનારા દ્વેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના પણ સામુદાયિક અશુભ કર્મ બાંધે છે.' જે ખરેખર અનેક જીવોને એક સાથે ભોગવવું પડે છે. એ પ્રમાણે કૌતુકથી બંધાયલાં કર્મોનો વિપાક અતિ દુઃખદાયી થાય છે, તો પછી નિગોદ જીવોએ પરસ્પર બાધાજન્ય વિરોધથી અનંત જીવો સાથે બાંધેલા કર્મોનો ભોગ ( પરિપાક ) અનંત કાળ વીત્યા છતાં પણ પૂરો ન થાય તેમાં શું આશ્ચર્ય છે ?

## નિગોદના જીવોને મન નથી તેમ છતાં પરિપાક અનંત કાળ સુધી પહોંચે એવા કર્મ શાથી બંધાય છે ?

નિગોદ જીવોને મન નથી તો પણ અન્યોન્યની બાધાથી તેમને દુષ્કર્મ તો ઉત્પન્ન થાય જ. વિષ જાણતાં ખાધું હોય અથવા અજાણતાં ખાધું હોય તો પણ તે મારે જ. જાણવામાં હોય તો પોતે અથવા બીજા ઉપાય કરે તેથી કદાચ બચી જાય, પરન્તુ અજાણ-પણે ખાધેલું તો મારી જ નાંખે. તેવી જ રીતે મન વિના ઉત્પન્ન થયેલું પરસ્પર વૈર અનંત કાળે પણ ભોગવતાં પૂરું થાય નહિ. નિગોદના જીવોને મન નથી પણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને કાયયોગ જે કર્મબંધના હેતુ છે તે હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-" વીર્ય બે પ્રકારના છેઃ એક મનચિંતન સહિત ( અભિસંધી ) અને મનચિંતન રહિત ( અનભિસંધી ). અનભિસંધી વીર્યથી પણ દરેક આત્મા સમયે સમયે કર્મબંધ કરે છે. જેમ આહારાદિકનું પાચન મનના ચિંતન વિના ( અનાભોગથી ) થાય છે તેમ અનાભોગથી કર્મ પણ બંધાય છે. જીવ કોઇ પણ દશામાં વર્તતો કેમ ન હોય છતાં તેનાં પર્યાયો તેનાં વીર્યજનિત હોઇ પછી તે વીર્ય અભિસંધીજ હો કે અનભિસંધી પણ તેથી કર્મ બંધાય છે. કર્મબંધના કારણ મિથ્યાત્વાદિક ચાર–મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે." જીવ જેમ જેમ ઉપર ઉપરના ગુણઠાણે ચઢતો જાય તેમ તેમ કર્મબંધ ઓછા થતા જાય છે.

નિગોદના જીવોને શરીરને લગતી સઘળી ક્રિયા સમાન હોય છે, પરન્તુ કર્મનો બંધ, ઉદય અને આયુનું પ્રમાણ એ કંઇ સઘળા એક સાથે ઉત્પન્ન થયેલાને સરખા જ હોય છે એમ નથી. સરખા ય હોય તેમ ઓછાવત્તા પણ હોય.

બાદર નિગોદના જીવો ચર્મચક્ષુવડે પ્રત્યક્ષ દેખી શકાય છે માટે પ્રત્યક્ષ છે, પરન્તુ સૂક્ષ્મનિગોદ જીવોને તો શ્રી સર્વજ્ઞ જ દેખતા હોવાથી આગમપ્રમાણથી માનવા લાયક છે, કારણ કે એ સૂક્ષ્મનિગોદ જીવો ચક્ષુના સ્પર્શમાં આવતા નથી. કેટલાક પદાર્થો પ્રત્યક્ષ પ્રમાણથી મનાય છે, અને કેટલાક પદાર્થો આગમપ્રમાણથી એટલે આપ્તપુરુષના વચન-પ્રમાણથી પણ માનવા જોઇએ. કેવળ પ્રત્યક્ષ પ્રમાણ માનવાવાળા નાસ્તિક જ કહી શકાય.

નિગોદનું સ્વરૂપ એટલું બધું સૂક્ષ્મ અને માત્ર કેવળીગમ્ય છે કે જેને માટે શાસ્ત્ર ઉપર અને પરમાત્માની વાણી ઉપર જ આધાર રાખવાથી સમજાય તેમ છે. અતીન્દ્રિય પદાર્થ માત્ર શ્રદ્ધાવડે જ ગ્રહણ થઇ શકે છે તે છતાં પૂર્વપુરુષોએ અનેક ગ્રન્થોમાં અને સૂત્રોમાં તેમજ તેની ટીકાઓમાં તેનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે. સદરહુ નિગોદનું સ્વરૂપ એક મુમુક્ષુજન ગુરુગમ સમજેલા તેમના ઉતારાની લીધેલ કેટલીક નોંધ તેમજ નિગોદષટ્ત્રિંશિકા, લોકપ્રકાશ તથા પ્રસંગતઃ જૈનતત્ત્વસાર વિગેરે ગ્રન્થોમાંથી ઉદ્ધરીને આ સ્વરૂપ અત્ર સંક્ષિપ્ત દર્શાવ્યું છે. વિશેષ ખપી જીવોએ તે તે ગ્રન્થો વાંચી ગુરુગમદ્વારા સમજવું.

મુનિરાજશ્રી પુણ્યવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## सुभाषितरत्नमंजूषा

( રોગને જીતવાના સાત પ્રકાર )

हितमितविपक्वभोजी, वामशायी नित्यचङ्क्रमणशीलः ।
उज्झितमूत्रपुरिषः, स्त्रीषु विजेता जयति रोगान् ॥ १ ॥

રોગને જીતવાનાં–રોગ ન થવા દેવાનાં સાત પ્રકાર આ પ્રમાણે–૧ હિતકારી, ૨ પરિમિત અને ૩ પરિપક્વ ભોજન કરનાર, ૪ ડાબે પડખે સૂનાર, ૫ નિત્ય ચાલવાની ટેવવાળો, ૬ મૂત્ર–પુરિષને નહીં રોકનારો અને ૭ સ્ત્રીમાં વિજેતા હોય તેને પ્રાયે રોગ ઉત્પન્ન થતા નથી.

૧. શરીરને હિતકારક પથ્ય ભોજન કરવું.

૨. પથ્ય ભોજન પણ પ્રમાણોપેત કરવું.

૩. પથ્ય ને પ્રમાણોપેત ભોજન પણ પૂરું પાકેલું કરવું.

૪. ડાબે પડખે સૂવાની ટેવ રાખવી જેથી પાચન સારું થાય છે.

૫. નિત્ય થોડુંઘણું પણ ચાલવાની ટેવ રાખવી. બેસી રહેવાની ટેવવાળાને પાચન સારું થતું નથી. ૬ કુદરતી હાજત રોકવી નહીં.

૭. સ્ત્રીના વિજેતા એટલે જેમ બને તેમ વિશેષ રીતે સ્વસ્ત્રીના સંબંધમાં પણ બ્રહ્મચર્ય પાળવું. અત્યંત કામસેવન કરનારનું શરીર જરૂર ક્ષીણતાને પામે છે.

આ સાત વ્યાધિ ન થવાના પ્રકાર છે, તેથી ઊલટા જે સાત પ્રકાર વ્યાધિ ઉદ્ભવવાના છે તે આ પ્રમાણે—

૧. શરીરને હિતકારી ન હોય તેવું અપથ્ય ભોજન કરવું.

૨. ખાવામાં પ્રમાણ ન રાખતાં સ્વાદિષ્ટ પદાર્થ હોય તો વધારે ખાવો જેથી પૂરું પાચન થાય નહીં.

૩. પૂરું પાકેલું ન હોય તેવું કાચુંપાકું ભોજન કરવું.

૪. ડાબે પડખે–સારી રીતે પાચન થાય તેવી રીતે ન સૂવું. જેમતેમ જ્યાં ત્યાં થોડીઘણી નિદ્રા લેવાથી પાચનક્રિયા સારી થતી નથી.

૫. નિત્ય પગે ચાલીને ફરવાની ટેવ ન રાખવી, વાહનમાં બેસીને ફરવા જવું અથવા બેસી રહેવું.

૬. પેશાબની કે દસ્તની હાજતને કામકાજના કે પ્રમાદના કારણથી રોકવી, એમ કરવાથી ઘણા પ્રકારની રોગોત્પત્તિ થાય છે.

૭. શરીરસ્થિતિનો વિચાર ન કરતાં વિશેષ કામસેવન કરવું. કામસેવનથી શરીરની ખાસ ધાતુ–વીર્યનો જ નાશ થાય છે. એની પૂર્તિ બીજી કોઇ રીતે થઇ શકતી નથી.

આ બધી હકીકત ખાસ વાંચી જવાની કે જાણી જવાની નથી પરંતુ અમલમાં મૂકવાની છે. એને અમલમાં મૂકનાર પ્રાયે રોગનો ભોગ થતો નથી. કદી થાય છે તો તે વ્યાધિ થોડા વખતમાં શમી જાય છે; વધારે વખત ટકતો નથી. **કુંવરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુવર્ણ

૭૬. શત્રુનો પણ ગુણ ગ્રહણ કરવો.

૭૭. લીંબુના પાણી જેવો મળતાવડો સ્વભાવ બધે આદરપાત્ર થાય છે.

૭૮. બાળકથી પણ બોધ ગ્રહણ કરવો. ૭૯. અસારમાંથી પણ સાર લેવો.

૮૦. પોતાની દૃષ્ટિ પ્રમાણે જ પ્રાયઃ સૃષ્ટિદર્શન થાય છે.

૮૧. આંખની શરમ ઘણું કામ કરે છે. ૮૨. લૂખો આદર છાનો રહેતો નથી.

૮૩. આપી ન શકો તો અપમાન તો ન જ કરો.

૮૪. કામ હાથ પર લેતાં વિચારો, પણ લીધા પછી પૂર્ણ જ કરો.

૮૫. વિચાર્યા પછી અશક્ય જણાય તો કોઇ કામ શરૂ જ ન કરવું એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે અને શરૂ કર્યા પછી પૂર્ણ કરવું એ બુદ્ધિનું દ્વિતીય લક્ષણ છે.

૮૬. વાતવાતમાં સોગન ખાવાનું છોડી દો.

૮૭. આટલું ખાવાથી પેટ ખાલીનું ખાલી રહે છે અને ઉપરથી અપયશ અપાવે છે. તેને છોડવા પ્રયત્ન કરવા જેવો છે. (૧) ચાડી ખાવી. (૨) સોગન ખાવા. (૩) બગાસા ખાવા. (૪) આળસ ખાવી. (૫) માન ખાવું.

૮૮. પ્રમાણિકપણાનો લૂખો–સુક્કો રોટલો પણ ભારે આનંદદાયી છે.

૮૯. જીવનમાં અનેક પ્રસંગે ગમ ખાતા શીખવું જોઇએ.

૯૦. ગૃહ એ ગૃહ નથી પણ ગૃહિણી એ વાસ્તવિક ગૃહ છે.

૯૧. કરેલું પાપ કે ભૂલ ડંખ્યા વિના રહેતા નથી.

૯૨. જેટલી સમજણ વધારે તેટલી જવાબદારી વિશેષ.

૯૩. પરસ્પર વિરોધી લાગતી વાતો પણ તે તેની અપેક્ષાએ સાચી હોય છે. ઝાઝા હાથ રળીઆમણા પણ ખરા અને ઝાઝી સયાણીએ વેતર વંઠે એ પણ ખરું.

૯૪. કંટાળા વખતે કરેલ કાર્ય સુધરવાને બદલે બગડે છે.

૯૫. પ્રફુલ્લિત અને સ્મિતભર્યો ચહેરો સૌને આકર્ષે છે.

૯૬. દીવેલ પીધો ચહેરો કોઇને જોવો ગમતો નથી.

૯૭. બને તો જગતનો શોક ઓછો કરો, વધારો તો નહિ જ.

૯૮. શક્તિ પ્રમાણે ભક્તિ કરનારના ભાવ ઘટતા નથી.

૯૯. કરજ કરીને વરો કરનાર, વ્યાજે લાવીને ઉછીનું આપનાર જેવા છે.

૧૦૦. જોહુકમી કરતાં બન્ધુપણાથી સારું કામ લેવાય છે.

૧૦૧. શક્તિ પ્રમાણે વાત કરનાર હાંસીપાત્ર બનતો નથી.

૧૦૨. અસંભવિત વાત સાચી હોય તો પણ ન કરવી.

૧૦૩. જગતમાં બાંધી મૂઠીનો જ મહિમા છે; ખુલીનો નથી.

૧૦૪. જિજ્ઞાસુ વૃત્તિ ધારેલ શોધ કરીને જ જંપે છે.

રાજપાળ મગનલાલ વોરા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री तत्त्वार्थसूत्रम्-सानुवादम् ।

## नवमोऽध्यायः

અનુવાદકાર—મુનિ રામવિજયજી.

आस्रवनिरोधः संवरः ॥ १ ॥ स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजय-चारित्रैः ॥ २ ॥ तपसा निर्जरा च ॥ ३ ॥ सम्यग्योगनिग्रहो गुप्तिः ॥ ४ ॥ ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गाः समितयः ॥ ५ ॥

આશ્રવકેરો રોધ કરતાં, થાય સંવર રસ ભર્યો,
તે ભાવ સંવર પ્રાપ્ત કરતાં, ભવોદધિને હું તર્યો;
ગુપ્તિ સમિતિ ધર્મ સાથે, અનુપ્રેક્ષા આદરી,
પરીષહો ચારિત્ર ધરતાં, થાય સંવર ચિત્ત ધરી. (૧)
તપથી સંવર થાય સારો, નિર્જરા પણ થાય છે,
અધ્યાય નવમે સૂત્ર ત્રીજે, પૂર્વધર પણ ગાય છે;
રૂડે પ્રકારે યોગ-નિગ્રહ, ગુપ્તિ તેને જાણવી,
મન વચન ને કાયા સાથે, ત્રણ પ્રકારે માનવી. (૨)
પ્રથમ ઇર્યા ભાષા બીજી, એષણા ત્રીજી કહી,
આદાન ને નિક્ષેપ ભાવે, ચોથી સમિતિ મેં લહી;
ઉત્સર્ગ નામે પાંચમી છે, સંયમોને પાળવા,
ગુપ્તિ સાથે આઠ થાતી, માત સુત ઉછેરવા. (૩)

उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्मः ॥ ६ ॥ अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवरनिर्जरालोक-बोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ॥ ७ ॥

ક્ષમા માર્દવ વળી આર્જવ, શૌચ સત્ય સંયમ તપો,
ત્યાગ અકિંચન બ્રહ્મચર્ય, દશ યતિધર્મ જ જપો;
અનિત્ય પહેલી ભાવના છે, અશરણ સંસારની,
એકત્વ ચોથી પાંચમી છે, ભાવના અન્યત્વની. (૪)
અશુચિપણાની ભાવના છે, આશ્રવ સંવરતણી,
નિર્જરા ને લોકબોધી, દુર્લભ ધર્મજ ભણી;
સારું કહેલું તત્ત્વચિંતન, બાર ભેદે જાણવું,
અનુપ્રેક્ષા તેહ કહીએ, સ્થિર મનથી ધારવું. (૫)

मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ॥ ८ ॥ क्षुत्पिपासाशीतो-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ष्णादंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशवधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानादर्शनानि ॥ ९ ॥ सूक्ष्मसंपरायच्छद्मस्थवीतरागयोश्चतुर्दश ॥ १० ॥ एकादश जिने ॥ ११ ॥ बादरसंपराये सर्वे ॥ १२ ॥ ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ॥ १३ ॥

માર્ગથી વળી નહિ જ પડવું, નિર્જરા વળી કર્મની,
એ જ કાજે સહન કરતાં, પરીષહોને મર્મથી;
ક્ષુધા પિપાસા શીત ઉષ્ણ, દંશ મસક પરીષહો,
નગ્ન અરતિ સ્ત્રીજ ચર્યા, મુનિવર સહતા અહો. (૬)
નિષદ્ય શય્યા આક્રોશ વધથી, યાચના અલાભના,
રોગ તૃણના સ્પર્શ મલથી, સત્કાર પુરસ્કારના;
પ્રજ્ઞા અજ્ઞાને વળી અદર્શન, સર્વ સંખ્યા મેં સુણી,
બાવીશની તે થાય સારી, પરીષહ સહતા ગુણી. (૭)
સંપરાય સૂક્ષ્મ દશમ ગુણના, ધારકો મુનિ દેખતાં,
છદ્મસ્થધારી વીતરાગી, ચૌદ પરીષહ સેવતાં;
જિન વિષે અગિયાર દેખો, સર્વ નવ ગુણસ્થાનમાં,
પ્રજ્ઞા અજ્ઞાન પ્રથમ કર્મે, ઉદયે થાતાં માનમાં. (૮)

दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ॥ १४ ॥ चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचनासत्कारपुरस्काराः ॥ १५ ॥ वेदनीये शेषाः ॥ १६ ॥ एकादयो भाज्या युगपदेकोनविंशतेः ॥ १७ ॥ सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसंपराययथाख्यातानि चारित्रम् ॥ १८ ॥

દર્શનમોહે અંતરાયે, દર્શન અલાભના,
પરીષહ થાય જીવને વળી, અનુક્રમ કર ભાવના;
ચારિત્રમોહે અચેલ અરતિ, સ્ત્રી નિષદ્યા જાણવા,
આક્રોશ યાચન વળી સત્કારે, સાત પરીષહ માનવા. (૯)
વેદનીમાં પરીષહો છે, બાકી રહેલા સાધવા,
એક સાથે ઓગણીસે, સમકાળે તે માનવા;
પરીષહોની વહેંચણીને, કરી ગુણસ્થાનમાં,
વળી કર્મયોગે પરીષહોની, ભાવના છે સૂત્રમાં. (૧૦)
પ્રથમ સામાયિક બીજું, છેદોપસ્થાપનીય છે,
પરિહારવિશુદ્ધિ સાથ મળતાં, ચરણ ત્રીજું થાય છે;
સૂક્ષ્મસંપરાય નામે, ચરણ ચોથું નિર્મળું,
યથાખ્યાત પંચમ જ લેવા, વિરાગતાએ જઈ મળું. (૧૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशा बाह्यं तपः ।१९। प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ।२०।

પ્રથમ અનશન તપ જ સારું, ઊણોદરી બીજું કહે,
વૃત્તિના સંક્ષેપ ભાવે, રસના ત્યાગજને વહે;
વિવિક્ત શય્યાસન જ નામે, પાંચમું તપ એકદા,
કાય-ક્લેશ જ છટ્ઠું મળતાં, બાહ્ય તપ સેવું સદા. (૧૨)
પ્રાયશ્ચિત્ત જ પ્રથમ ભાખ્યું, વિનય વૈયાવચ્ચ સદા,
સ્વાધ્યાય ચોથું વળી ઉત્સર્ગ, ધ્યાન નહિ ચૂકું કદા;
એમ ભેદષટ્માં તપ આભ્યંતર, પૂર્વધર કહેતા સહી;
બંને મળીને બાર ભેદે, તપમાંહિ મુજ મતિ વહી. (૧૩)

नवचतुर्दशपंचद्विभेदं यथाक्रमं प्राग्ध्यानात् ॥ २१ ॥ आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनानि ॥ २२ ॥ ज्ञानदर्शनचारित्रोपचाराः ॥ २३ ॥ आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुलसंघसाधुसमनोज्ञानाम् ॥ २४ ॥ वाचनापृच्छनाऽनुप्रेक्षाम्नायधर्मोपदेशाः ॥ २५ ॥ बाह्याभ्यन्तरोपध्योः ॥ २६ ॥

પ્રાયશ્ચિત્ત જ ભેદ નવથી, વિનય ચારે વર્ણવ્યા,
વૈયાવચ્ચ જ ભેદ દશથી, પંચ સ્વાધ્યાયે લહ્યા;
વ્યુત્સર્ગ તપને ભેદ બેથી, સૂત્રકારો વર્ણવે,
ધ્યાનના વળી ભેદ કહેશે, અત્ર સૂત્રેથી હવે. (૧૪)
આલોચન ને પ્રતિક્રમણ, તદુભય વિવેકના,
વ્યુત્સર્ગ તપ વળી છેદ ભાવે, પરિહાર ઉપસ્થાપના;
પ્રાયશ્ચિત્ત જ એમ નવથી, વિનય ચારે હવે ભણું,
જ્ઞાન-દર્શન-ચરણ સાથે, ઉપચારે હું સુણું. (૧૫)
વૈયાવચ્ચના ભેદ દશ છે, પ્રથમ આચાર જ ભણું,
ઉપાધ્યાયો ભેદ બીજે, તપસી શિષ્ય ગ્લાનનું;
ગુણ કુલ સંઘ સાધુ સાથે, સમશીલી એ દશતણું,
થાય વૈયાવચ્ચ સારું, કરી કર્મમલ જ હણું. (૧૬)
વાચના છે પ્રથમ ભેદે, પ્રચ્છના બીજી ખરી,
અનુપ્રેક્ષા ભેદ ત્રીજે, પરાવર્તન ચિત્ત ધરી;
ધર્મનો ઉપદેશ પંચમ, ભેદ સ્વાધ્યાય જ સુણી,
વ્યુત્સર્ગ બાહ્ય વળી અભ્યંતર, ઉપધિ ત્યાગે ધરે ગુણી. (૧૭)

उत्तमसंहननस्यैकाग्रचिंतानिरोधो ध्यानम् ॥ २७ ॥ आमुहूर्तात् ॥ २८ ॥ आर्तरौद्रधर्मशुक्लानि ॥ २९ ॥ परे मोक्षहेतू ॥ ३० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ સંઘયણત્રિક, જીવ ધરતા તેહની,
એકાગ્રતા જે યોગની છે, બીજી ચિંતા રોધની;
કાળથી તે મુહૂર્ત્તમાંહિ, અલ્પ ન્યૂનતા દાખવે,
ધ્યાન તેને સૂત્રવાદી, સત્ય કરીને લેખવે. (૧૮)
આર્ત્ત રૌદ્ર ધર્મ શુક્લ, ભેદ ચારે ધ્યાનના,
પ્રથમના જે ધ્યાન બે છે, તેથી ભવ-વિટંબના;
ધ્યાન છેલ્લા ભેદ બેથી, મોક્ષ હેતુ સાધના,
આદરે ભવિ જીવ સારા, છંડી વિષય ચાહના. (૧૯)

आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥ ३१ ॥ वेदनायाश्च ॥ ३२ ॥ विपरीतं मनोज्ञानाम् ॥ ३३ ॥ निदानं च ॥ ३४ ॥ तद्-विरतदेशविरतप्रमत्तसंयतानाम् ॥ ३५ ॥ हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ॥ ३६ ॥ आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म-मप्रमत्तसंयतस्य ॥ ३७ ॥ उपशांतक्षीणकषाययोश्च ॥ ३८ ॥ शुक्ले चाद्ये पूर्वविदः ॥ ३९ ॥ परे केवलिनः ॥ ४० ॥

અમનોજ્ઞ વિષય મળતાં, તદ્‌વિયોગે ચિંતના,
દુઃખ વેદન ભેદ થાતાં, તદ્‌વિયોગે ભાવના;
સુમનોજ્ઞ વિષયે મળતાં, રહે નિત્ય સ્થાનમાં,
નિદાનનો છે ભેદ ચોથો, આર્ત્તધ્યાને યોગમાં. (૨૦)
અવિરતિ ને દેશવ્રતી, પ્રમત્ત સંયત સાધુમાં,
ધ્યાન આર્ત્ત સંભવે છે, હીન હીનતર યોગમાં;
હિંસા અસત્ય ચોરીમાંહિ, વિષય સંરક્ષણતણા,
ધ્યાન રૌદ્ર ચાર ભેદે, સુણજો તે એકમના. (૨૧)
અવિરતિ ને વિરતિ દેશે, રૌદ્રધ્યાની સંભવે,
પ્રમત્ત સાધુ સર્વવિરતિ, રૌદ્રધ્યાન ન લેખવે;
આજ્ઞા અપાય વળી વિપાકે, વિચય સંસ્થાન જ કહે,
ધર્મધ્યાન જ ચાર ભેદે, સાધુ અપ્રમત્ત જ વહે. (૨૨)
ઉપશાંતમોહી ક્ષીણમોહી, ઉક્ત ધ્યાને રત સદા,
કર્મપાશો છેદ કરતાં, ધર્મધ્યાને રહી મુદા;
પ્રથમ બીજા શુક્લ ભેદે, ધ્યાન પૂર્વધર ધરે,
ચરમ શુક્લ ભેદ બેમાં, કેવલજ્ઞાન જ વરે. (૨૩)

पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियाऽनिवृत्तीनि ॥४१॥ तत् त्र्येककाययोगायोगानाम् ॥ ४२ ॥ एकाश्रये सवितर्के पूर्वे ॥ ४३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अविचारं द्वितीयम् ॥ ४४ ॥ वितर्कः श्रुतम् ॥ ४५ ॥ विचारोऽर्थव्यंजनयोगसंक्रान्तिः ॥ ४६ ॥**

પ્રથમ શુકલધ્યાન સારું, નામથી હું વર્ણવું,
પૃથક્ત્વ શબ્દ વિતર્ક સાથે, સવિચાર જ જોડવું;
એકત્વ શબ્દ વિતર્કયોગે, અવિચાર જ જાણવું,
એમ ધ્યાનયુગલ યોગ સ્થિરે, આત્મથી પીછાણવું. (૨૪)
સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ, નામથી ત્રીજું સુણે,
વ્યુપરતક્રિયાનિવ્રતીને, નામથી ચોથું ભણે;
એમ ચાર ધ્યાનો યોગત્રિકે, એક યોગે વર્તતાં,
કાયયોગી વળી અયોગી, અનુક્રમે તે સાધતાં. (૨૫)
આશ્રય એકે વળી વિતર્કે, પૂર્વધર બે આદરે,
વિચાર સાથે પ્રથમ સાધે, બીજું અવિચારે ધરે;
વિતર્ક શબ્દે શ્રુત ભણવું, કરું વિચાર વિચારણા,
અર્થ વ્યંજન યોગ સાથે, વિચારની તે ધારણા. (૨૬)

**सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसंख्येयगुणनिर्जराः ॥ ४७ ॥ पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रंथाः ॥ ४८ ॥ संयमश्रुतप्रतिसेवनातीर्थलिंगलेश्योपपातस्थानविकल्पतः साध्याः ॥ ४९ ॥**

સમકિતધારી શ્રાવકોને, વિરતિને ત્રીજા સુણો,
અનંતાનુબંધી વિયોજક, સૂત્રથી ચોથા ભણો;
દર્શન મોહે ક્ષપક કહેવા, વળી ઉપશમી સાધવા,
ઉપશાંતમોહી ક્ષપકક્ષીણને, વળી જિનને માનવા. (૨૭)
એ સ્થાન દશમાં ક્રમથી ચઢતી, અસંખ્યગુણી નિર્જરા,
કરત ધ્યાને વધત માને, ક્ષમાધારી મુનિવરા;
પુલાક બકુશ કુશીલ ને વળી, નિર્ગ્રંથ સ્નાતક મહાવ્રતી,
નિર્ગ્રંથનું તે ભેદ-પંચક, વિચારતાં તે શુદ્ધ મતિ. (૨૮)
સંયમશ્રુતે પરિસેવન, તીર્થ લિંગ જ પાંચમાં,
લેશ્યા દ્વારે ઉપપાતે, સ્થાનથી એ આઠમાં;
નિર્ગ્રંથ પંચક આઠ દ્વારે, કરી સૂત્રે યોજના,
અધ્યાય નવમો પૂર્ણ થાતાં, ધારજો ભવિ એકમના. (૨૯)

**इति संग्रहकार–वाचकवर–श्रीमदुमास्वातिविरचित–तत्त्वार्थसूत्रे शास्त्रविशारद–कविरत्नाचार्य–श्रीमद्विजयामृतसूरीश्वरपादपद्मपरागस्वादरागे षट्पद-मुनिरामविजयविरचित-गुर्जरभाषानुवादे संकलितो नवमोऽध्यायः संपूर्णः॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## दशमोऽध्यायः

मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ॥ १ ॥ बंधहेत्वभावनिर्जराभ्याम् ॥ २ ॥ कृत्स्नकर्मक्षयो मोक्षः ॥ ३ ॥ औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः ॥ ४ ॥ तदनन्तरमूर्ध्वं गच्छत्याऽऽलोकान्तात् ॥ ५ ॥ पूर्वप्रयोगादसंगत्वाद्बंधच्छेदात्तथागतिपरिणामाच्च तद्गतिः ॥ ६ ॥ क्षेत्रकालगतिलिंगतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तरसंख्याल्पबहुत्वतः साध्याः ॥ ७ ॥

મોહક્ષયથી એક સાથે, ત્રણ કર્મ જ ક્ષય થતાં,
જ્ઞાનાવરણ વળી દર્શન, આવરણ દૂરે જતાં;
અંતરાયકર્મ ઘાતીકર્મ, છેદતાં પ્રભુ કેવળી,
સર્વજ્ઞ ભાવે ગુણ પ્રભાવે, વસ્તુકલના સવિ કળી. (૧)
અભાવ બંધ જ હેતુ સાથે, નિર્જરા પ્રયોગથી,
સર્વ કર્મ ક્ષય જ પામે, મોક્ષ-રૂંધન યોગથી;
ઉપશમાદિ ભવ્યતાદિ, ભાવની અભાવતા,
સમકિત કેવલ જ્ઞાન દર્શન, પ્રગટ પ્રગટે સિદ્ધતા. (૨)
કર્મક્ષયથી એક સમયે, લોકના છેડાવધી,
ઊર્ધ્વ ગમને ગતિ થાતી, જાણતાં જ્ઞાની સુધી;
પૂર્વપ્રયોગે સંગ રહિતે, બંધ છેદન ભાવમાં,
ગતિના પરિણામદ્વારા, સિદ્ધગતિ પ્રસ્તાવમાં. (૩)
ક્ષેત્ર કાળે ગતિ લિંગે, તીર્થ ચરણ દ્વારમાં,
પ્રત્યેકબુદ્ધ જ્ઞાન સાથે, અવગાહન વિચારમાં;
અંતર સંખ્યા અલ્પ બહુતા, બાર દ્વારો લેખવા,
સિદ્ધપદમાં અવતરણથી, મોક્ષ દ્વારો દેખવા. (૪)

**અનુવાદની પૂર્ણાહુતિમાં "અંતિમ મંગલ"**

સ્તંભનપતિ શ્રીવામાનંદન, પાર્શ્વ પ્રભુ વંદન કરું,
શ્રી વિજયનેમિસુરીશ ચરણે, સૂરિ અમૃત સુખકરું;
ખંભાતનગરે રહી શરણે, રામવિજય ચિત્ત ધરો,
અનુવાદ પૂરો ભાવ મધુરો, સંઘ મંગલ જય વરો. (૫)

इति संग्रहकार–वाचकवर–श्रीमदुमास्वातिविरचित–तत्त्वार्थसूत्रे शास्त्रविशारद–कविरत्नाचार्य–श्रीमद्विजयामृतसूरीश्वरपादपद्मपरागस्वादरागे षट्पद–मुनिरामविजयविरचित–गुर्जरभाषानुवादसंकलितः दसमोऽध्यायः संपूर्णम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગ્યતાનું માપ

(રાગ : કવ્વાલી)

અમારી યોગ્યતા ઉપર, તમારી મીટ મંડાણી;
અમારી યોગ્યતાનું માપ, કરવા પ્રીટ લંબાણી. ૧
છતાં નહિ યોગ્યતાનું માપ, તમારાથી થઇ શકશે;
અમારી યોગ્યતા મુજબ, અમારું મૂલ્ય અંકાશે. ૨
યોગ્યતા વિના જે જન, વધુ પડતું કરે લોભે;
હંસ સ્થાનમાં ક્યાંથી, કહોને કાગડો શોભે? ૩
અમારી યોગ્યતા ઓછી; અમે આંકી નહિ શકીએ;
અમારા આત્મના ઘાતક, અમે કદિ-નહિ બનીએ. ૪
તમારી યોગ્યતા એમાં, બીજાને યોગ્ય નિરખવા;
પ્રશંસા પોતે પોતાની, કરે એમાં શું હરખવા? ૫
પ્રશંસા થાય જો પાછળ, ખરી એ યોગ્યતા સમજો;
વદે વચન મુખ આગળ, પ્રશંસાનો વધે બોઝો. ૬
કરે કરનારા પ્રશંસા, જીરવનારા ગણ્યું વીરલા;
પ્રશંસા ને સુણી નિંદા, ખીલ્યા ફુલ્યા છે ભલભલા. ૭
યોગ્યતા તમારી છે, બીજાની સમજજો તેવી;
યોગ્યતા વિના 'અમર', લખે શું કવિતા એવી? ૮

**અમરચંદ માવજી શાહ**


## શ્રીમદ્ ચંદ્રમહત્તરાચાર્યવિરચિત
## પંચસંગ્રહ : પ્રથમ ખંડ

[ આ. શ્રી મલયગિરિજીકૃત ટીકાના અનુવાદ યુક્ત ]

કર્મગ્રંથના વિષય પર પ્રકાશ પાથરતો આ ગ્રંથ અવશ્ય વસાવીને વાંચવા યોગ્ય છે. જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મનું સ્થાન મહત્ત્વતાભર્યું છે. છએ કર્મગ્રંથને સ્પષ્ટ રીતે સમજવા માટે આ ગ્રંથનું ભાષાંતર સારી શૈલીમાં કરવામાં આવ્યું છે. આ પ્રથમ ભાગમાં પાંચ દ્વારો છે. પહેલામાં યોગ, ઉપયોગ ને ગુણસ્થાનકોનું; બીજામાં સત્પદપ્રરૂપણાદિ નવ દ્વારોનું, ત્રીજામાં આઠ કર્મનું, ચોથામાં સત્તાવન બંધહેતુનું અને પાંચમામાં પ્રકૃતિબંધાદિ ચાર તથા ઉદય અને સત્તાનું સુવિસ્તૃત વર્ણન આપવામાં આવેલ છે. ક્રાઉન આઠ પેજી મોટી સાઇઝના પૃષ્ઠ ૬૨૫. કિંમત રૂા. ચાર, પોસ્ટેજ જુદું.

## શ્રી ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર
### પુરુષ વિભાગ ૧-૨ (સંપૂર્ણ)

પ્રાતઃસ્મરણીય મહાન્ સીત્તેર પ્રભાવિક પુરુષોના ચરિત્રોવાળું આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. લગભગ ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે-સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તેજ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોકસંખ્યા સાત હજાર છે. કિંમત રૂ. સાત રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## શ્રી નવપદજીની પૂજા-સાર્થ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ કૃત આ શ્રી નવપદજીની પૂજા ઘણી જ પ્રચલિત છે. આયંબિલની ઓળી કરનાર માટે દરેક પદના ગુણો, વિધિ તથા ચૈત્યવંદન-સ્તવનાદિ વિસ્તારથી આપવામાં આવ્યા છે. હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. જરૂર મગાવો ને લાભ લ્યો. કિંમત ચાર આના. પોસ્ટેજ એક આનો.

# पंच प्रतिक्रमण सूत्र-मूळ. शास्त्री

મૂળ સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન-પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂ. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી. દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. પોસ્ટેજ પોણો આનો. ખાસ મંગાવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only